આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૬ ❖ અંક : ૩૦૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### વલસાડ જિલ્લામાં ચાર દિવસમાં ૧૯૪૪ શકમંદોની તપાસ

## વાપીમાં ચાર બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** પહેલગામમાં આતંકી હુમલા બાદ શરૂ કરાયેલા દેશમાં વિદેશી નાગરિકોની તપાસ દરમિયાન વલસાડ જિલ્લા પોલીસ દ્વારા સતત ચાર દિવસમાં ૧,૯૪૪ જેટલા શંકાસ્પદ ઈસમોને ચકાસી જરૂરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન ચાર જેટલા બાંગ્લાદેશી ધુસણખોરી આવેલાને ઝડપી પાડ્યા જેમાં એક મહિલા અને ત્રણ પુરુષ નો સમાવેશ થાય છે.

ભારત દેશની આંતરિક સુરક્ષાને ધ્યાનમાં રાખી ખાસ કરીને ગુજરાત રાજ્યની અંદર ગેર ભારતીય નાગરિકો રહેતા હોય તેવાને શોધી કાઢવા માટે ગુજરાત પોલીસ દ્વારા એક ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને આ અભિયાનના ભાગરૂપે વલસાડ જિલ્લા પોલીસ વિભાગની ટીમ દ્વારા વલસાડ જિલ્લો અને તેની આજુબાજુના વિસ્તારોમાં રહેતા શંકાસ્પદ ૧,૯ ૪૪ જેટલા શંકાસ્પદોને ચકાસી જરૂરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં તારીખ ૩૦-૪-૨૦૨૫ ના રોજ એલસીબી તથા એસઓજી શાખા વલસાડના પોલીસ અધિકારી દ્વારા ભારત દેશમા ગેરકાયદે ધુસણખોરી વસતા લોકોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી અને ટેકનિકલ તેમજ હ્યુમન ઈન્ટેલિજનના આધારે વાપી વિસ્તારમાં રહેતા શંકાસ્પદ વિષે મને રાઉન્ડ ઓફ કરી જરૂરી પુષ્કર જ હાથ ધરવામાં આવી હતી. જેમાં બાંગ્લાદેશના ત્રણ પુરુષ તથા એક મહિલા ગેરકાયદેસર રીતે ભારત દેશમાં વસતા હોવાની હકીકત બહાર આવતા પોલીસે પોલીસે ફોરીદ ઉપર અલ્તાફુર મંડલ ઉંમર વર્ષ ૩૮ હાલ રહે દમણના કચ્છી ગામ ડાયાભાઈની ચાલ મૂળ રહે જમાલપુર બાંગ્લાદેશ, મોહમ્મદ જમાલ મોહમ્મદ ફરીદ ઉંમર વર્ષ ૨૪ રહે દમણના કચ્છી ગામ ડાયાભાઈની ચાલ મૂળ રહે ટાંગઈલ બાંગ્લાદેશ, અબ્દુલ્લા નૂર ઈસ્લામ શેખ ઉંમર વર્ષ ૩૮ હાલ રહે વાપી જીઆઈડીસી ગુંજન જુના હાઉસિંગ બોર્ડ પ્રાઈમ સર્કલથી મોરારજી સર્કલ રોડ વાપી અને રોજીના બેગમ ઈજહાર શેખ ઉર્ફે મિલન દીદાર બક્ષ ધબક ઉંમર વર્ષ ૨૯ રહે ઈમરાન નગર ગુલાલ કોમ્પ્લેક્સ પ્લેટ નંબર ૩૦૨ વાપી મૂળ રહે બાંગ્લાદેશનાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દમણ 'સ્પા પાર્લરો'નું હબ બની રહ્યું છે


### દમણમાં, જેટી, સી ફેસ, દેવકા મુખ્ય માર્ગ, મોટી દમણ સહિત શેરીઓ અને મહોલ્લાઓમાં સ્પા પાર્લર પહોંચી રહ્યા છે : ઘણા સ્પા પાર્લરમાં આયુર્વેદિક અને મસાજના નામે અન્ય સેવાઓ આપવામાં આવી રહી હોવાની ચર્ચા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા. ૦૨ :** સુરત અને આસપાસના વિસ્તારોમાં સ્પા પાર્લરો પર દરોડા પાડ્યા બાદ હવે દમણમાં સ્પા પાર્લરોનું હબ બની રહ્યું છે.

દમણમાં પ્રવાસન વધતાં સ્પા પાર્લરની સંખ્યા પણ વધી રહી છે. દમણમાં સ્પા પાર્લર સંચાલકો પોતાને સુરક્ષિત માની રહ્યા છે. દમણમાં કોઈપણ પ્રકારના દરોડાની કોઈ ભીતિ નથી. ઘણા પાર્લર સ્પા પાર્લરની આડમાં સેક્સ સેવાઓ પણ ચલાવી રહ્યા છે. લોકોની ફરિયાદોના આધારે સ્પા પાર્લરના નામે સેક્સ સેવાઓ પૂરી પાડતી વ્યક્તિની તીન બત્તી વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. દમણમાં જેટી, સી ફેસ, દેવકા મુખ્ય માર્ગ, મોટી દમણ સહિત શેરીઓ અને મહોલ્લાઓમાં સ્પા પાર્લર પહોંચી રહ્યા છે. ઘણા સ્પા પાર્લરમાં આયુર્વેદિક અને મસાજના નામે શરીરની સેવાઓ આપવામાં આવી રહી છે. છોકરીઓ સ્પામાં માલિશ કરે છે. એક-બે પાર્લરમાં એવું જોવા મળ્યું કે સ્પા સેન્ટરમાં કાઉન્ટર પર બેઠેલી છોકરી મસાજની ઓફર કહે છે અને રૂપિયા ફી લે છે. ૧૦૦૦થી ૧૫૦૦ સુધીના ભાવે મળે છે. સ્પા સેન્ટરમાં ગ્રાહકોની પસંદ અને નાપસંદ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. એવું પણ સાંભળવામાં આવ્યું છે કે જો કોઈ છોકરી ઉપલબ્ધ કરાવવા માંગે છે, તો તેના વોટ્સએપ પર છોકરીઓના ફોટા મોકલવામાં આવે છે અને તેને છોકરી પસંદ કરવા માટે મજબૂર કરવામાં આવે છે. પછી માંગ પર તેને હોટેલમાં મોકલવામાં આવે છે. દમણ તેના સ્પા પાર્લર અને મનોરંજન માટે સુરતીઓનું પ્રિય સ્થળ બની રહ્યું છે. દમણમાં વાઈન અને મહિલાઓના મિશ્રણથી ઘણા પ્રવાસીઓ ખુશ છે. દમણમાં ફક્ત ૧૨ પાર્લર હેલ્થ નોંધાયેલા છે. છતાં ઘણી જગ્યાએ પાર્લરની સંખ્યા વધી રહી છે. જ્યારે દમણ પોલીસ વેશ્યાવૃત્તિના અડ્ડા પર દરોડો પાડે છે ત્યારે ફક્ત ગ્રાહકો અને ધંધામાં સામેલ લોકોની ધરપકડ કરવામાં આવે છે. તેમના પર છોકરીઓને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાનો આરોપ છે અને પોલીસ છોકરીઓને છોડી દે છે જેના કારણે દમણ, મુંબઈની કોલગર્લ્સ માટે પ્રિય શહેર બની રહ્યું છે.




| Date | 03/05/2025 | 04/05/2025 | 05/05/2025 | 06/05/2025 | 07/05/2025 | 08/05/2025 |
|---|---|---|---|---|---|---|
| 06:00 PM to 07:00 PM | Inauguration Ceremony | Performances by NIFT College | Performances by GNLU & Karad College | Performance by Nursing College DNH & Govt. College Daman | Performance by Govt. Engineering College, Daman & Polytechnic College, Daman | Cultural and Tribal Dance Performances |
| 07:00 PM to 08:00 PM | Famous Writer Shri Jay Vasavada | RJ Dhvanit | Kavi Sammelan – Hardwar Goswami, Bhavesh Bhatt, Bhavin Gopani, Dilip Raval | Bhagyesh Jha | Kaajal Oza Vaidya | Ankit Trivedi |

## ડાંગમાં વિકાસ વાટિકાનું વિમોચન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**આહવા, તા. ૦૨ :** રાજ્ય સરકાર દ્વારા ડાંગ જિલ્લામાં પાછલા બે વર્ષો દરમિયાન હાથ ધરાયેલા વિવિધ વિકાસ કામો, જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓને પુરા પડાયેલા લાભો, તથા જિલ્લામાં યોજાયેલા મહત્વના કાર્યક્રમોને પ્રસ્તુત કરતી પુસ્તિકા વિકાસ વાટિકાનું જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે વિમોચન કરાયું હતું.

આ વેળા પુસ્તિકા તૈયાર કરનાર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી સહિતના સહયોગીઓને શુભેચ્છા પાઠવતા આદિજાતિ, ગ્રામ વિકાસ અને શ્રમ રોજગાર મંત્રીએ, આ પુસ્તિકા ડાંગના વિકાસને જાણવા માંગતા લોકો માટે સંદર્ભ સાહિત્ય બની રહેશે, તેમ જણાવ્યું હતું. ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વિજયભાઈ પટેલે, ડાંગના વિકાસકાર્યોને શબ્દબદ્ધ કરવાના જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોની સરાહના કરી હતી. જિલ્લા સેવા સદન ખાતે આયોજિત જિલ્લા આયોજન મંડળની બેઠકમાં કરાયેલા આ પુસ્તકના વિમોચન પ્રસંગે, જિલ્લા પંચાયતના પ્રમુખ-વ-આયોજન મંડળના ઉપાધ્યક્ષ નિર્મળાબેન ગાઈન, ત્રણેય તાલુકા પંચાયતના પ્રમુખઓ સહિતના પદાધિકારીઓ, સમિતિ સભ્યો, આમંત્રિતો, જિલ્લા કલેકટર શાલિની દુહાન, અધિક નિવાસી કલેકટર એસ.બી. તબિયાર, પ્રાયોજના વહીવટીદાર આનંદ પાટિલ, જિલ્લા આયોજન અધિકારી સ્મિતાબેન પટેલ અને સહાયક માહિતી નિયામક મનોજ ખેંગાર સહિત સંપાદકીય ટિમ, અને જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાની વિકાસ ગાથા રજૂ કરતી આ વિકાસ વાટિકા પુસ્તિકાનુ પ્રકાશન, જિલ્લા વહીવટી તંત્રના નેજા હેઠળ કરાયુ છે. જેનુ સંપાદન કાર્ય ડાંગ જિલ્લા માહિતી કચેરી દ્વારા કરવામાં આવ્યું છે.

જ્યારે નાણાંકીય જોગવાઈ જિલ્લા આયોજન કચેરી દ્વારા કરવામાં આવી છે. ડિઝાઈન માહિતી ખાતાની પેનલ પરની એજન્સી દ્વારા, અને પ્રિન્ટિંગ ગવર્નમેન્ટ પ્રેસ, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે. ૭૬ પાનાની આકર્ષક ડિઝાઈન, લે આઉટ, અને આર્ટવર્ક સાથે તૈયાર કરાયેલી આ વિકાસ વાટિકા પુસ્તિકા ડાંગના વિકાસની ઝલક પુરી પાડશે.

બીલીમોરા જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## ચિખલી સરકારી હોસ્પિટલના દર્દીઓને વિનામૂલ્યે ભોજન મળશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૦૨ :** બીલીમોરા જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ અને દાતાશ્રીઓના સહયોગથી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ચાલી રહી છે, જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન ભોજનશાળા, દર અમાસે ૨૦૦ જેટલી વિધવા બહેનોને અનાજ સહાય, દિવ્યાંગ, મેડિકલ અને શૈક્ષણિક સહાય, શાળાઓને નિ:શુલ્ક નોટબુક વિતરણ, બીલીમોરા અગ્નિ સંસ્કાર ધામનું સંચાલન અને બચપન કી બાહોમે જેવી પ્રવૃતિઓનો સમાવેશ છે.શુક્રવારે સેવાકીય પ્રવૃત્તિમાં ઉમેરો કરતા ચીખલી સરકારી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ તથા એમની સાથે રહેલા સગા કે કેરટેકર માટે ભોજનની વ્યવસ્થા કરતો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો.જેમાં પ્રથમ દિવસે ૩૦ દર્દીઓ અને તેમની સાથે રહેતા ૨૦ સગાસંબંધીઓ એ લાભ લીધો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત દરરોજ ટ્રસ્ટ દ્વારા રોટલી, શાક, દાળ, ભાત અને કચુંબર અને ક્યારેક ફળફળાદી પીરસવામાં આવશે. ચિખલી સરકારી હોસ્પિટલમાં સારવાર લેતા મોટે ભાગના દર્દીઓ આર્થિક સ્થિતિ સારી ન હોય તેમજ દુર દરાજ ગામ માંથી આવતા દર્દીઓ અને તેમના સગા માટે ખુબ મહત્વની સેવા સાબિત થશે. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલે દર્દીઓ જલારામ બાપાનો ભોજન રૂપી -સાદ ગ્રહણ કરી જલ્દી સજા થાય એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રોજેક્ટને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી મગનભાઈ મકવાણા, પ્રા. દિપેશભાઈ પટેલ, મંત્રી ભગવતી પ્રસાદ દાસ, કનૈયાલાલ વર્મા, જયેશભાઈ હિડોચા, મેનેજર રાજેશભાઈ દેસાઈએ ભારે જાહેમત ઉઠાવી હતી.

## આજે નવસારીના લુનસીકુઈ મેદાનમાં યોગ શિબિર યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૦૨ :** આપણા દેશના લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાનના પ્રયાસો થી સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમત ગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ જેનો હેતુ સમગ્ર ગુજરાતમાં લોકો નિરોગી રહે અને દરેક નાગરિક સ્વસ્થ જીવનશૈલી જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે સંદર્ભે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાને અંતર્ગત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અન્વયે નવસારીમાં આજે તારીખ ૦૨-૦૫-૨૦૨૫, શુક્રવારના રોજ સાંજે ૦૩ થી ૦૬ વાગ્યા દરમિયાન ટાટા હોલ આશાનગર નવસારી ખાતે યોગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તારીખ ૦૩-૦૫-૨૦૨૫,શનિવારના રોજ સવારના ૦૫.૩૦ થી ૦૭.૩૦ કલાક દરમિયાન લુનસીકુઈ ગ્રાઉન્ડ પર ચેરમેન યોગ સેવક શિશપાલજી ગુજરાત રાજ્ય યોગ બોર્ડની અધ્યક્ષતામાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો હેતુ લોકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગેની જાગૃતતા આવે અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ શિબિરમાં નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નવસારી જિલ્લામાં કાર્યક્રમ થશે. કાર્યક્રમમા ભાગ લેવા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોટામા સ્કેનર દ્વારા કરવુ તથા ૫૦ રૂપિયા ટોકન આપી આઈકાર્ડ કાર્યાલય સ્થળ લુનસીકુઈ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ પર થી મેળવી લેવું. આ આઇકાર્ડ શિબિર સ્થળ પર બતાવી આકર્ષક યોગની ટી શર્ટ અને યોગની પુસ્તિકા મેળવી શકાશે.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગ લેવા જાહેર જનતાને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા નવસારી જિલ્લા તંત્ર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જલાલપોરમાં મોડલ જનસેવા કેન્દ્રનો શુભારંભ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૦૨ :** જલાલપોર તાલુકાના અરજદારોની સરળતા અને સુવિધા માટે નવસારી જિલ્લા વહીવટી તંત્રએ કાલીયાવાડી સ્થિત નવસારી પ્રાંત કચેરીના ગ્રાઉન્ડ ફલોર ખાતે જલાલપોર તાલુકાના મોડેલ જનસેવા કેન્દ્રને પ્રાંત અધિકારી ડો.જનમ ઠાકોરએ ખૂલ્લું મૂક્યું હતું.

જલાલપોર તાલુકાના મોડલ જનસેવા કેન્દ્રમાં અરજદારો માટે ટોકન સિસ્ટમ, સુવિધાયુક્ત બેઠક વ્યવસ્થા, દિવ્યાંગો માટે રેમ્પ તથા વ્હીલચેર, પીવાના પાણીના કુલર તથા આર.ઓ. સિસ્ટમ, સ્ત્રી અને પુરુષ માટે અલાયદા ટોયલેટ, લાઈટ તથા પંખાની વ્યવસ્થા, નાગરીક સેવાઓ સંબંધિત માર્ગદર્શિકા અને સાઇન બોર્ડ્સ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

મોડેલ જનસેવા કેન્દ્ર કાર્યરત થવાથી પ્રજાની રોજબરોજની સગવડ તેમજ સુખાકારીને સ્પર્શતી સેવાઓ જેમકે, રેશનકાર્ડ તથા આધાર કાર્ડ સંબંધિત સેવાઓ, આવક પ્રમાણપત્ર, સિનીયર સીટીઝન -માણપત્ર, જાતિ અંગેનું પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, વિગેરે જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં સરળતા ઉભી થશે . જલાલપોર તાલુકાના મોડેલ જનસેવા કેન્દ્ર ખાતે નાયબ મામલતદાર, ક્લાર્ક, તથા ડેટા એન્ટ્રી ઓપરેટરોની ટીમને નાગરિકોની સેવા પૂરી પાડવામાં સરળતા રહે તે માટે અલાયદી બેઠક વ્યવસ્થા, ફર્નીચર તથા પ્રીન્ટર તથા કેમેરા સાથેના લેટેસ્ટ કોમ્પ્યુટર સેટ તથા ટોકન મશીન સુવિધાથી સુસજ્જ કરવામાં આવેલ છે સરકારની વન ડે સર્વિસ પહેલ હેઠળ જનસેવા કેન્દ્ર ખાતેથી ઉપલબ્ધ કરાવવામાં આવતી સેવાઓ એક જ દિવસમાં પૂરી પાડવાની નેમ હોય ત્યારે જલાલપોર આધુનિક મોડલ જનસેવા કેન્દ્રથી લોકોની સુવિધામાં ઘણો સુધાર થશે. આ શુભારંભ પ્રસંગે જલાલપોર તાલુકાના પરૂજણ ગામના અરજદાર જયેશભાઈ પટેલને ખુબજ ઝડપી જાતિના આવકના દાખલો મળતા તથા નવા જનસુવિધા કેન્દ્રની સુગમ વ્યવસ્થાથી ખુબ પ્રભાવિત થયા હતા અને સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જલાલપોર તાલુકાના મામલતદાર એમ.જી.ઈસરાણી, વહીવટીતંત્રના કર્મચારી તથા જલાલપોર તાલુકાના નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

## નવસારી જિલ્લામાં NEET ની પરિક્ષા યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૦૨ :** રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી,ન્યુ દિલ્હી દ્વારા આગામી તા.૦૪/૦૫/૨૦૨૫ના રોજ NEET ની જાહેર પરીક્ષા યોજાનાર છે. જે અન્વ્યે નવસારી જિલ્લામાં કુલ ૮ પરીક્ષા કેન્દ્રોમાં કુલ ૧૦૬ બ્લોકમા ૨૫૪૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા સંદર્ભે તમામ પ્રકારની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.DGVCL,પોલીસ વિભાગ,આરોગ્ય વિભાગ, એસ.ટી.ડેપો વિભાગ અને શિક્ષણ વિભાગને પણ પરીક્ષા સંદર્ભે જરૂરી સૂચના આપવામાં આવી છે. તમામ પરીક્ષા કેન્દ્રો પર ઓબસર્વરની નિમણૂક તથા સમગ્ર પરીક્ષાનુંસુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક, જિલ્લા શિક્ષણાધિકારી અને સિટી કો-ઓર્ડીનેટર દ્વારા તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## નર્મદાના ૮ વ્યક્તિને પર્યાવરણ સંરક્ષક એવોર્ડ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** નર્મદા જિલ્લાના જાણીતા વિજ્ઞાનલેખક અને વિજ્ઞાન સામયિક સાયન્સ ગ્રાફી માસિકના તંત્રી અને પર્યાવરણ પ્રેમી દીપક જગતાપ સહીત નર્મદા સાહિત્ય સંગમના આઠ (૮) જેટલાં સારસ્વતો, શિક્ષકો,પર્યાવરણપ્રેમીઓને શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની ખાસ ઉપસ્થિતિમાં પર્યાવરણ સંરક્ષક એવોર્ડ -૨૦૨૫થી સન્માનિત કરાયા છે. પર્યાવરણ સંરક્ષકોનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનકરવામાં આવ્યું હતું.


જેમાં નર્મદા સાહિત્ય સંગમ ના ૭ જેટલાં સારસ્વતો, શિક્ષકો, અને પર્યાવરણ પ્રેમીઓને આ એવોર્ડ એનાયત કરાયો હતો.એ ઉપરાંત નર્મદાના કુલ ૩૦ જેટલાં શિક્ષકોને પણ સન્માનિત કરાયા હતા.

જેમાં એવોર્ડ વિજેતા વિજ્ઞાન લેખક અને સાહિત્યકાર દીપક જગતાપ,સહીત બોરીદ્રા ગામે પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવનાર મુખ્ય શિક્ષક અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા અનિલ મકવાણા, પ્લાસ્ટિકની થેલી સામે હજારો કાપડની થેલીનું વિના મુલ્યે વિતરણ કરી ઘરે ઘરે જઈ પરીઆવરણ જાગૃતિનો સંદેશો આપતાં મહેન્દ્રભાઈ પ્રજાપતિ, એક લાખથી વધુ વૃક્ષો વાવી વન વગડો બનાવનાર અને અસંખ્ય પક્ષીઓને આશ્રય સ્થાન આપનાર પ્રાથમિક શિક્ષક ઉત્પલ પટવારી,, સ્કૂલે જઈને શિક્ષકો અને વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરનારા અને વૃક્ષારોપણ કરાવતા ઉત્સાહી યુવાન પર્યાવરણ પ્રેમી વિરપોર પ્રાથ.શાળાના સીઆરસી શિક્ષક ચેતન પટેલ તેમજ પર્યાવરણ પ્રયોગ શાળા અંતર્ગત ઈકોક્લબ દ્વારા ગામ,શાળાઓમાં પર્યાવરણ લક્ષી પ્રવૃતિઓ કરી સરકાર સાથે સહાયક ભૂમિકા ભજવનાર ગાડિત પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ભરત કુમાર પરમાર,તેમજ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દાખવતા પ્રાથ. શાળા, નાના લીમટવાડાના સોનલ બેન ચૌધરી અને મોનાબેન વસાવા બન્ને મહિલા શિક્ષિકાઓ પોતે ગામ, શાળા ના બાળકો ના જન્મદિવસે વૃક્ષારોપણ કરાવી પોતાની શાળામાં સુંદર બાગ બનાવી પ્રાકૃતિક વાતાવરણ ઉભું કર્યુ છે.

પર્યાવરણની વિવિધ કામગીરી કરનાર નર્મદાના ૩૦ જેટલાં શિક્ષકોનું પર્યાવરણ સંરક્ષક એવોર્ડથી સન્માનિત કરાયું હતું.

એવા વિજ્ઞાન લેખક અનેપર્યાવરણ સંરક્ષક દીપક જગતાપે પોતાના ટેરેસ પર ઓર્ગેનિક વેજિટેબલ ગાર્ડન બનાવી તાજી શાકભાજી ઉગાડી પર્યાવરણનો અનોખો મેસેજ આપ્યો છે. તમામ એવોર્ડ વિજેતાઓ ને શુભેચ્છક મિત્રો એ અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

## ધનોરી પ્રાથમિક શાળામાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નવસારી, તા. ૦૨ :** ૧ મે - ૨૦૨૫ ના દિને ધનોરી પ્રાથમિક શાળામાં ગુજરાત સ્થાપના દિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ શાળામાં નિવૃત્ત થતા શિક્ષિકા શ્રીમતી હંસાબેન પટેલનો વિદાય સમારંભ તથા નવસારી ડાંગ અને વલસાડ જિલ્લા ક્ષય અને રક્તપિત નિવારણ મંડળ તથા લાયન્સ ક્લબ ગણદેવી અને અલાયન્સ ઈન્ટરનેશનલ ની ઉપસ્થિતિમાં ટીબીના દર્દીઓને હેલ્થ કીટ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ અને નિવૃત્ત શિક્ષિકા હંસાબેન પટેલ નું સન્માન કરવામાં આવ્યું. ઉપસ્થિત સૌ મહેમાનોએ વિદ્યાર્થીઓ આગળ વધુ અભ્યાસ કરે તે માટે આશિર્વચનો કહ્યા તેમજ નિવૃત્ત શિક્ષિકા હંસાબેન ને હવે પછીના તંદુરસ્ત જીવન માટેની શુભકામનાઓ પાઠવી. આ પ્રસંગે લાયન્સ ક્લબ ગણદેવીના પ્રમુખ પ્રીતિબેન, વરિષ્ઠ પત્રકાર પરેશભાઈ અધ્વર્યુ, અરૂણભાઈ નાયક, અબ્દુલભાઈ ખલીફા, મુકેશભાઈ હળપતિ, છગનભાઈ હળપતિ, અરવિંદભાઈ શાહ, બાબુભાઈ હળપતિ, જયેશભાઈ ખલાસી, મહેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી સૌને શુભકામનાઓ પાઠવી.ગુજરાત સ્થાપના દિન નિમિત્તે સૌ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતની ઝાંખી કરાવતી સાંસ્કૃતિક કૃતિઓ એ સૌનું આકર્ષણ જમાવ્યું. ટીબી કીટ વિતરણના મુખ્ય દાતા જયદીપભાઈ ધુમાડિયા રહ્યા તથા કાર્યક્રમની આભાર વિધિ કરી.

## સુરતમાં વિજ્ઞાન ગુર્જરી સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટનો સન્માન સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૩ : ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી રાષ્ટ્રીય સંસ્થા વિજ્ઞાન ભારતી વિભા અંતર્ગત ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી સંસ્થા રાજયભરમાં અનેકવિધ વિજ્ઞાન કાર્યક્રમો યોજે છે. તે પૈકી સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૪ અંતર્ગત સાયન્સ એન્ડ ઈનોવેશન-એક્ષ્પર્ટસ્ ટોક સીરીઝનું આયોજન થયું હતું. સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી મનસુખ નારિયાએ જણાવ્યું હતું કે તા.૧ થી ૧૨ ઓગ. ૨૦૨૪ દરમ્યાન સમગ્ર ગુજરાતના વિવિધ સ્થળે, વિવિધ નિષ્ણાંતો દ્વારા ૬૬૦ વિજ્ઞાન વિષયો પર વિજ્ઞાન વાર્તાલાપો યોજાયા હતા.જેમાં ૭૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, સંશોધન લેબ, શિક્ષકો,પ્રોફેસરર્સ, વૈજ્ઞાનિકો વગેરે સહભાગી બન્યા હતા. આ શાનદાર પ્રવૃતિ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાઁમાં સ્થાન પામી છે. આ વર્લ્ડ રેકોડમાં નિમિત્ત બનનાર સર્વે એક્ષ્પર્ટસને વર્લ્ડ રેકોર્ડના પ્રમાણપત્ર તથા ગોલ્ડમેડલ અર્પણ સમારોહ નવયુગ સાયન્સ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના એક્ષ્પર્ટસને વર્લ્ડ રેકોર્ડના પ્રમાણપત્ર તથા ગોલ્ડ મેડલથી સન્માનીત કરાયા હતા. કાર્યક્રમમાં અતિથિ તરીકે સી.એમ. વાઘાણી પ્રમુખશ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, આચાર્ય અશ્વિનભાઈ પટેલ, રાગીણીબેન દલાલ,નિરિક્ષક, ન.પ્રા.શિ. સમિતિ, સુરત. મનિષભાઈ મિસ્ત્રી તથા દિપીકાબેન દેસાઈએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરુઆતમાં પહેલગામમાં જાન ગુમાવનાર મૃતકોને શ્રધ્ધાંજલી આપી હતી. પ્રથમ સેસનમાં BIS અંગે જી.એન. કાકડીયાએ માહિતી આપી હતી. બાદમા સંજય બોસમીયાએ વિભાની પ્રાર્થના રજુ કરી હતી. પ્રિ. મનસુખ નારિયાએ વિજ્ઞાન ગુર્જરી-વિજ્ઞાન ભારતીનો પરિચય આપ્યોહતો. હેમાનોએ પ્રાંસંગિક વકતવ્યો રજુ કર્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન ડિસ્ટ્રીક કોઓર્ડિનેટર રંજનાબેન પટેલે કર્યુ હતું.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ આજ કે ફનકાર, ૧૦.૦૦ ગીત ગાતા ચલ, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત.

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત અને ૧૨.૩૦ મહિલા જગત (અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - પીટારા, ૨.૦૦ - જયુબીલી ઝંકાર, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - ફિર તુમ્હારી યાદ આઇ.

**સાંજે :** (દમણથી) ૫.૦૦ ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - કામદાર જગત, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી, ૬.૩૦ - ભકિત સંગીતનો કાર્યક્રમ, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા ૮-૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (ગાયન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## દમણ રેડિયો

**102.3 FM**

**રવિવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ -અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો), ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર(અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ હાસ્ય-રંગ-ગરબા (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ - પ્રકૃતિ, ૮.૦૦ સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - સહજ બને જીવન કેડી, ૮.૪૦ - ભારત કી ગુંજ, ૯.૩૦ ગીત ગાતા ચલ (ફિલ્મ સંગીત), ૧૦.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૧૦.૩૦ - સુગમ સંગીત, ૧૧.૦૦ હિન્દી ફિલ્મ સંગીત,

**બપોરે :** ૧૨.૦૦ લોક સંગીત, ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી રીલે) ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત, ૨.૦૦ - બાઈસ્કોપ કી બાતે, ૩.૦૦ સદાબહાર નગમે, ૩.૩૦ - નાટય તરંગ, ૪.૦૦ - સેલ્યુલોઈડ કે સિતારે. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - નાટય/રૂપક, ૬.૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ - શ્રવણ માધુરી (હિન્દી ગઝલ), ૬.૩૦ ગુજરાતી ચિત્ર-પટ સંગીત, ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ સુગમ સંગીત (દમણ કેન્દ્ર પરથી), ૭-૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા, ૮.૩૦ રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ શાસ્ત્રીય સંગીત (વાદન), ૯.૩૦ છાયા ગીત, ૧૦-૦૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન.



## સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૩-૦૫-૨૦૨૫, **વાર:** શનિવાર **તિથિ:** છ્ઠ **વિક્રમ સંવત:** ૨૦૮૧ **સૂર્ય ઉદય:** ૦૬:૦૭ **સૂર્ય અસ્ત :** ૧૯:૦૮ **ચંદ્રરાશિ:** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજનો દિવસ તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજનો દિવસ તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજનો દિવસ તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો.*

**કર્ક(ડ.હ) :** *આજનો દિવસ તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.*

**સિંહ(મ.ટ.) :** *આજનો દિવસ તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજનો દિવસ જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી.*

**તુલા (ર.ત.) :** *આજનો દિવસ ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજનો દિવસ અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજનો દિવસ સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રત: વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો.*

**મકર(જ.ખ) :** *આજનો દિવસ તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજનો દિવસ તમારૂં શારીરિક સામર્થ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજનો દિવસ તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો.*

## વલસાડમાં શ્રી ભીડભંજન મહાદેવ ટ્રસ્ટ દ્વારા રજત જયંતિની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** ભીડભંજન મહાદેવ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અન્ન ક્ષેત્રને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે જે નિમિત્તે મંદિર ખાતે શ્રી અન્નપૂર્ણા યજ્ઞ મહા આરતી તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૦:૦૦ કલાકે અન્નપૂર્ણા યજ્ઞ બપોરે ૧૨:૦૦ કલાકે મહા આરતી યોજવામાં આવી હતી

શિવજી મહારાજે જણાવ્યું હતું કે ગુજરાત સ્થાપના દિવસ તેમજ મજદૂર દિવસ અને અન્ન સેવાનો પ્રારંભ થયો શ્રી ભીડભંજન મહાદેવની અસીમ કૃપાથી બ્રહ્મલીન સદગુરુ દેવ સ્વામી અખંડ આનંદજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી શ્રી ભીડભંજન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્ય ટિફિન સેવા કરવામાં આવેલું અન્ન ક્ષેત્રે હોસ્પિટલમાં તેમજ જરૂરિયાતોને ટિફિન સેવા બધાના સાથ સહકાર અને આશીર્વાદથી આજે ૨૫ વર્ષ પૂર્ણ થાય છે.

શ્રી ભીડભંજન જન સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રારંભ કરવા માં આવેલું અન્ન ક્ષેત્ર હોસ્પિટલમાં ટિફિન સેવા બધાના સાથ સહયોગ અને આશીર્વાદથી કરવામાં આવ્યું હતું આજે ૨૫ વર્ષ પૂરા થાય છે એના ઉપલક્ષમાં આજે વલસાડમાં શ્રી ભીડભંજન મહાદેવના પ્રાગટનમાં અન્નપૂર્ણા મહાયજ્ઞ મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યમાં એક નાના માણસથી લઈ મોટા માણસ જોડાયા છે તે બધાને હું પ્રાર્થના કરું છું કે બધા સ્વસ્થ અને આનંદમાં રહે તેમ જ ખૂબ પ્રગતિ કરે છે અને આવી સેવા જ્યાં જ્યાં ચાલી રહી છે ત્યાં લોકો સહયોગ કરે અને હોસ્પિટલના સંચાલકોને નમ્ર વિનંતી કે તેઓને અન્ન સેવા જોઈતી હોય તો જાણ કરે જેથી કેટલા ટિફિન મોકલવા એની અમે નોંધ લઈ શકીએ આ સેવા કોઈ એક વ્યક્તિની સેવા નથી અને ભીડભંજન મહાદેવ દ્વારા કોઈપણ સ્થળે અન્ના માટે જરૂર હોય તો અમે આપવા તૈયાર છે ૨૫ વર્ષ પૂર્ણ થયા પણ આજદી સુધી અમે કોઈ પાસે પાવતી કે ઉઘરાણી કરી અન્ન માગ્યું નથી દાતાઓ સ્વયંભૂ આવી દાન કરી જાય છે શરૂઆતમાં દરરોજના ૧૦૦ ટિફિન જતા હતા આજે ૩૦૦ ની આસપાસ ટિફિન સેવા આપી રહ્યા છે કોરોના કાળમાં લગભગ ૫૦૦ ટીફીન નું વિતરણ થતું હતું. મહા આરતી મા યજમાન તરીકે ધારાસભ્ય ભરતભાઈ પટેલ વલસાડ ના બિલ્ડર ભરત માલદે રેમન્ડ ના જયસીંગભાઇ તેમજ ભીડભંજન મહાદેવ ની સખી મંડળ પૂજા અર્ચના માં ભાગ લીધો હતો. ભક્તો એ મહાપ્રસાદ નો લાભ લીધો હતો.

## વાપીની આર.કે. દેસાઈ કોલેજનું એમ.કોમ પાર્ટ-૨,૪નું પરિણામ જાહેર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત એમ. કોમ. Sem 4 ના વિદ્યાર્થીઓ ૨૦૨૪-૨૫માં VNSGU દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી વઢિયારા જીજ્ઞાશા (8.67 SGPA) ગોલ્ડ મેડલ, દ્વિતીય ક્રમે પટેલ વિની અશોકભાઈ (8.50 SGPA) અને ત્રીજા ક્રમે પટેલ કેયૂરી મનીષભાઈ ( 7.83 SGPA) એ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગના પ્રોફેસર્સ નું મહત્વનું યોગદાન રહ્યું છે તથા એમ. કોમ વિભાગના હેડ ચિત્રા શેઠ દેસાઇ તથા કોલેજ ના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધીનું પણ મહત્વની ભૂમિકા રહી છે.

આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપી પબ્લિક સ્કૂલ ધો.૧૦,૧૨નું પરિણામ ૧૦૦ ટકા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વટાર સ્થિત વાપી પબ્લિક સ્કૂલ (સી.આઈ.એસ.સી.ઈ)નું વર્ષ ૨૦૨૪-૨૫ ના ધોરણ ૧૦ અને ૧૨ નું પરિણામ તા. ૩૦-૦૪-૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થી ક્રિશ શાહએ ૯૮.૨૫ ટકા મેળવી જીલ્લા કક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. ધોરણ ૧૦માં પ્રથમ ક્રમે હાર્મિ રાજપૂત - ૯૭.૬૦ ટકા, ધોરણ ૧૨ (સાયન્સ) માં પ્રથમ ક્રમે જેની શાહ ૯૫.૦૦ ટકા અને ધોરણ ૧૨ (હ્યુમેનીટીસ) માં ઈશાની ભટ્ટાચાર્ય - ૯૪.૫૦ ટકા પ્રાપ્ત કર્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓને તેમની ઝળહળતી સફળતા માટે એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સિનિયર પ્રિન્સિપલ ડૉ. અલ્પા એસ. કોટડિયા અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## વાપીની જ્ઞાનધામ શાળામાં ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** જ્ઞાનધામ શાળામાં ગુજરાત રાજ્ય સ્થાપના દિન પ્રસંગે એક સુંદર અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા નવીન ગુજરાત વિષય અંતર્ગત નાટ્યાત્મ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી અને ધોરણ ૬ થી ૧૦ ના બાળકો દ્વારા સાહિત્ય સમ્રાટો વિષય પર કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી, જેને અનુસરી ભક્તિભાવપૂર્વક ગણેશ વંદનાનું ભાવપૂર્વક ગાન કરવામાં આવ્યું. તદઉપરાંત આચાર્યનું પુષ્પગૂચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુજરાતના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી ઉજવણીના ભાગરૂપે ઉજ્જવળ અને ઉદબોધનાત્મક ભાષણ રજૂ કર્યું.

વિદ્યાર્થીઓએ ગુજરાતના મહાન સાહિત્યકારોના જીવન અને કાર્યો પર પ્રકાશ પાડતા નાટ્યાત્મક પ્રસ્તુતિ આપીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા. જેમાં નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, દલપતરામ અને નર્મદજી જેવા મહાન સાહિત્યકારોને યાદ કરવામાં આવ્યા.

રંગબેરંગી વેશભૂષામાં સાંસ્કૃતિક ગરબાની રોમાંચક રજૂઆત દ્વારા સમગ્ર વાતાવરણ રંગીન અને ઉત્સાહભેર બન્યું હતું. વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં ગરબાની સુંદર તાલ સાથે પ્રસ્તુતિ આપી.

કાર્યક્રમનો સમાપન સમારંભ સંક્ષિપ્ત રીતે કરવામાં આવ્યો. ત્યારબાદ આચાર્ય સંદીપ મરહટા એ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પ્રશંસા કરી અને ગુજરાતના વારસાની કિંમત સમજાવતાં પ્રેરણાદાયક ભાષણ આપ્યાં. સમગ્ર કાર્યક્રમ વિભાગીય વડા દર્શના વશીના માર્ગદર્શન હેઠળ યોજાયો. કાર્યક્રમની આભારવિધિ ઉપાચાર્ય પ્રવીણ સુબ્રમનિઅન દ્વારા કરવામાં આવી. અંતમાં રાષ્ટ્રગાન બાદ વિદ્યાર્થીઓને વિસર્જિત કરવામાં આવ્યા. આ પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં રાજ્યગૌરવ, સાંસ્કૃતિક જાગૃતિ અને સંસ્કારના સિંચન માટે ખૂબ જ લાભદાયી બની રહે છે.

વિદ્યાર્થીમાં રાજ્યની સાંસ્કૃતિક ઓળખ અને વારસાની સમજ ઊંડી બની. શાળા મહોલમાં આનંદમય, શિક્ષાત્મક અને સંસ્કારાત્મક વાતાવરણ સર્જાયું.

## વાપીની સાંદ્રાબેન શ્રોફ જ્ઞાનધામ શાળામાં મજૂર દિવસની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** મજૂર દિવસ નિમિત્તે, સંદ્રાબેન શ્રોફ જ્ઞાનધામ શાળા, વાપી દ્વારા ધોરણ બારમાના માનવતાના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના સહાયક કર્મચારીઓનું સન્માન કરવા માટે એક ખાસ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ દેશ કે નિર્માણ (રાષ્ટ્રના નિર્માતાઓ) શીર્ષક હેઠળનું એક ચિંતનશીલ નાટક હતું. આ નાટકે બધાને યાદ અપાવ્યું કે આપણા દેશના સાચા નિર્માતાઓ ફક્ત ડૉક્ટરો, શિક્ષકો, ઈજનેરો, રાજકારણીઓ અથવા સૈનિકો જ નથી - પણ ઘણા મહેનતુ લોકો પણ છે જે પડદા પાછળ શાંતિથી કામ કરે છે, જેમ કે ડ્રાઈવરો, માળીઓ, સુરક્ષા ગાર્ડ, પટાવાળા અને સફાઈ કર્મચારીઓ.

શાળાના મદદગાર હાથોનો આભાર માનવા અને -શંસા કરવા માટે એક વિદ્યાર્થી દ્વારા હૃદયસ્પર્શી ગીત પણ ગાયું હતું. કાર્યક્રમ પટાવાળા અને આયા-માસીઓના ઉષ્માભર્યા સન્માન સાથે સમાપ્ત થયો, જ્યાં તેમને શાળાના મંત્રીમંડળ દ્વારા પ્રાયોજિત નાની ભેટો આપવામાં આવી.

કાર્યક્રમનું સમાપન આચાર્ય સંદીપ મરહટ્ટાના પ્રેરણાદાયી ભાષણ સાથે થયું, જેમણે વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને દરેકને શ્રમના ગૌરવના મૂલ્યની યાદ અપાવી.

## સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠ શાળામાં સન્માન કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૨ :** સરીગામ ખાતે આવેલ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળામાં તારીખ ૧ મે,૨૦૨૫ ના રોજ ધોરણ-૧ થી ૧૨નું આચાર્ય પ્રવીણ પવાર માર્ગદર્શન હેઠળ આખા વર્ષ દરમ્યાન થયેલ હાઉસ પ્રમાણેની સ્પર્ધાઓ, વર્ગમાં ૧૦૦ ટકા હાજરી આપનાર વિદ્યાર્થીઓ અને વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વર્ગને ઈનામ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦ ટકા હાજરી આપનાર વિદ્યાર્થીઓને સન્માન આપીને બાળકોને ખૂબ જ પ્રોત્સાહન મળ્યું હતું.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહી માનનીય મેનેજમેંટ કૉરડીનેટર ગોહિલ સર અને કેમ્પસ ના વિવિધ વિભાગના આચાર્ય એ કાર્યક્રમની શોભા વધારી.

કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી પ્રાતઃ વંદના થી કરવામાં આવી અને સાથે સાથે બાળકો દ્વારા સુંદર પ્રાર્થના-ગીતો અને વિવિધ ડાંસ પણ રજૂ કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટી વસંતભાઈ ગજેરા, ચુનીભાઈ ગજેરા અને કુ.કિંજલ ગજેરા તથા શાળાના આચાર્ય પ્રવીણ પવારે તમામ વિજેતાઓને તથા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા છે.

## વાપીમાં બિહાર વેલ્ફેર એસોસિએશને રાજ્યસભા સાંસદનું સ્વાગત કર્યું





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** ભાજપ બિહાર મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ ધર્મશિલા ગુપ્તાનું બુધવારે બિહાર વેલ્ફેર એસોસિએશન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વાપી જીઆઈડીસીના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ અમીધારા કોમ્પ્લેક્સ માં બિહાર વેલફેર એસોસિએશનની ઓફિસમાં સાંજે આયોજિત કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ ધર્મશીલા ગુપ્તા ની સાથે બીજેપી નેતા સી ડી શર્મા પણ હાજર હતા. અહીં બિહાર વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ વિપુલ સિંહ, અધ્યક્ષ ડૉ. કે.પી. સિંહા, ઉપપ્રમુખ એન.કે. સિંહ અને અન્ય નેતાઓએ સાંસદનું સન્માન કર્યું અને તેમને ફૂલનો ગુલદસ્તો અર્પણ કરીને સ્વાગત કર્યું. આ દરમિયાન, સાંસદે કહ્યું કે તે બિહારના લોકોને આગામી બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએ સરકાર બનાવવા માટે ભાજપને મત આપવા માટે ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લામાં તથા સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી માં રહેતા લોકોને અપીલ કરવા માં આવી છે. તેમણે કહ્યું કે લોકોએ છઠ દરમિયાન બિહાર આવવું જોઈએ. કાર્યક્રમમાં હાજર લોકોએ તેમની વાતને સમર્થન આપ્યું હતું અને એનડીએ સરકારને મત આપવાની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બિહાર રાજ્યના લોકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન બિહાર વેલ્ફેર એસોસિએશનના રાષ્ટ્રીય અધ્યક્ષ વિપુલ સિંહ અને ચેરમેન ડોક્ટર કેપી સિંહા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ દ્વારા

## કપરાડામાં ડો. બાબુ ચૌધરીને 'દેશ રત્ન' એવોર્ડ મળતા સન્માન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોઢા, તા.૦૨ :** ડો. ચૌધરીને ન્યુ દિલ્હી ખાતે થયેલા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં દેશ રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેઓએ શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે કરેલી નોંધપાત્ર સેવા બદલ આ બહુમાન મળ્યું છે. દેશભરમાંથી મળેલા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ વચ્ચે ડો. ચૌધરીની પસંદગી કપરાડા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવનું કારણ બની છે.

આ પ્રસંગે કપરાડા તાલુકાના રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ દ્વારા એક વિશેષ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમના સન્માનમાં સાલ, પુચ્છપગુચ્છ અને મોમેન્ટો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સંઘના વિવિધ પ્રતિનિધિઓએ તેમની સેવાઓનું વર્ણન કરીને કપરાડાની ધરતીની શૈક્ષણિક અને સાહિત્યિક ઉન્નતિ માટે તેમનો ફાળો મહત્વનો ગણાવ્યો.

ડો. બાબુ ચૌધરીનો શિક્ષક તરીકેનો સફર અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે. વર્ષોથી તેઓ કપરાડા જેવા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના પ્રકાશનો પ્રસાર કરતા રહ્યા છે. તેમણે માત્ર વર્ગખંડમાં જ શિક્ષણ આપ્યું નથી, પણ ગામોમાં જઈને લોકોને શિક્ષણના મહત્ત્વથી અવગત કર્યા છે. શિક્ષણ ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું યોગદાન નોંધપાત્ર છે. તેમણે અનેક નાનકડા બાળકોમાં કાવ્ય રસ વિકસાવ્યો છે, તેમજ સ્થાનિક ભાષાઓના વિકાસ માટે પણ પ્રયત્નશીલ રહ્યા છે.

સન્માન સમારંભમાં જિલ્લા શૈક્ષિક મહા સંઘના મહામંત્રી રામુભાઈ પટેલે જણાવ્યું કે, ડો. ચૌધરી જેવી પ્રતિભાઓના કારણે જ આજના યુવાનો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય છે. રાજ્ય કારોબારી હરેશભાઈ પટેલે તેમને આદિવાસી વિસ્તારોનો શૈક્ષણિક દીવોઁ કહી ને અભિવાદન પાઠવ્યું. મહિલા મહામંત્રી સુમિત્રબેન એસ. પટેલે જણાવ્યું કે, શિક્ષક માત્ર પાર્થદર્શક જ નહીં પણ સમાજ પરિવર્તક પણ હોય છે અને ડો. ચૌધરી એનો જીવતો દાખલો છે.

આ ઉપરાંત કાર્યક્રમમાં જિલ્લા કારોબારી ચીમનભાઈ પટેલ અને કપરાડા તાલુકાના કોસાધ્યક્ષ ગોવનભાઈ પટેલે પણ હાજરી આપી તેમને શુભેચ્છાઓ પાઠવી. સૌએ એકજ અવાજમાં કહ્યું કે આવા સન્માનો આગામી પેઢીને પ્રેરણા આપે છે અને શિક્ષકોને વધુ ઉર્જાવાન બનાવે છે.

આ સમગ્ર કાર્યક્રમમાં કપરાડાના ઘણા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણ ઉત્સાહ અને ગૌરવથી ભરેલું હતું. કાર્યક્રમનો અંત રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘના શુભેચ્છા સંદેશ અને સંગીતમય Country Anthem સાથે કરવામાં આવ્યો.સાથે કુટુંબ પરિવાર ધર્મ પત્ની હંસાબેન ખાંડરા, પુત્રી ખિન્ની, પુત્ર ભુવન તેઓએ ખૂબ ખુશી વ્યક્ત કરી હતી.

આ રીતે કપરાડા તાલુકા અને સમગ્ર વિસ્તાર માટે ડો. બાબુ ચૌધરીનો એવોર્ડ એક પ્રેરણાસ્રોત બન્યો છે, જે તેમને મળેલા દેશ રત્ન એવોર્ડની ઉજવણી કરતાં વધુ - આદિવાસી અને અંતર્યાળ વિસ્તારોમાં કાર્યરત શિક્ષકો માટે એક નવા આત્મવિશ્વાસનો સંચાર છે.




## વારી એનર્જીસે ઓલ-ઈન-વન સોલર કિટ Waaree Radiance લોન્ચ કરી

**સુરત, તા.૦૨ :** વારી એનર્જીસ લિમિટેડે ઓલ-ઈન-વન સોલર કિટ Waaree Radiance લોન્ચ કરી છે. આ વ્યાપક અને નવીનતમ સોલ્યુશન દેશભરમાં રેસિડેન્શિયલ રૂફટોપ સોલરને અપનાવવાને વેગ આપવા તથા સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. Waaree Radiance એ ભારતમાં એકમાત્ર ઓલ-ઈન-વન રૂફટોપ સોલર કિટ તરીકે અલગ તરી આવે છે જે વિવિધ કમ્પોનેન્ટ્સને મેળવવા અને સંકલન કરવા માટેની ગ્રાહકની જરૂરિયાતો દૂર કરે છે. Waaree Radiance - ઓલ-ઈન-વન સોલર કિટ: એક જ બોક્સમાં સંપૂર્ણ સોલ્યુશન: Waaree Radiance કિટ સોલર મોડ્યુલ્સ, ઈન્વર્ટર, એસીડીબી, ડીસીડીબી, લાઈટનિંગ એરેસ્ટર, અર્થિંગ કિટ અને કેબલ્સ જેવા રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન માટે જરૂરી ખૂબ જ જરૂરી કમ્પોનેન્ટ્સને કન્સોલિડેટ કરે છે. કિટ્સ ઘરમાં વપરાશ માટે ૩ કિલોવોટથી ૧૦ કિલોવોટ સુધી અને કોમર્શિયલ તથા ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ માટે ૫ મેગાવોટ સુધી ઉપલબ્ધ છે. વારીએ ઉત્પાદન કરેલા મોનો પીઈઆરસી કેTOPCon સોલર મોડ્યુલ્સ, ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા ઈન્વર્ટર્સ, Waacab બ્રાન્ડેડ કેબલ્સ.


Waaree Radiance કિટ વારીના ઈ-કોમર્સ પ્લેટફોર્મ, એમેઝોન અને ફ્લિપકાર્ટ થકી ઓનલાઈન ખરીદી શકાય છે જેમાં સમગ્ર ભારતમાં ઘરઆંગણે ડિલિવરી ઉપલબ્ધ છે.વારી સલાહ-મસલતથી માંડીને ઈન્સ્ટોલેશન સુધી નિષ્ણાંતોનું માર્ગદર્શન પૂરું પાડે છે. આ કિટ ૧૨ વર્ષની પ્રોડક્ટ વોરંટી અને મોડ્યુલ્સ પર ૩૦ વર્ષની પર્ફોર્મન્સ વોરંટી આપે છે જેમાં ઈન્વર્ટર પર ૮ વર્ષની વોરંટી મળે છે.ઘરમાલિકો પીએમ સૂર્ય ઘર મુફત બિજલી યોજના હેઠળ રૂ. ૭૮,૦૦૦ સુધીની સરકારી સબસિડી મેળવી શકે છે જે સોલર અપનાવવાને વધુ કિફાયતી બનાવે છે.

## વિજ્ઞાન ગુર્જરી સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૦૪ના સાયન્સ ટોકમાં વર્લ્ડ રેકોર્ડર્સનો સન્માન સમારોહ યોજાયો




**વાપી, તા.૦૨ :** ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી રાષ્ટ્રીય સંસ્થા વિજ્ઞાન ભારતી વિભા અંતર્ગત ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી સંસ્થા રાજયભરમાં અનેકવિધ વિજ્ઞાન કાર્યક્રમો યોજે છે. તે પૈકી સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૪ અંતર્ગત સાયન્સ એન્ડ ઈનોવેશન-એક્ષ્પર્ટસ્ ટોક સીરીઝનું આયોજન થયું હતું. સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી મનસુખ નારિયાએ જણાવ્યું હતું કે તા.૧ થી ૧૨ ઓગ. ૨૦૨૪ દરમ્યાન સમગ્ર ગુજરાતના વિવિધ સ્થળે, વિવિધ નિષ્ણાંતો દ્વારા ૬૬૦ વિજ્ઞાન વિષયો પર વિજ્ઞાન વાર્તાલાપો યોજાયા હતા.જેમાં ૭૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, સંશોધન લેબ, શિક્ષકો, પ્રોફેસરર્સ, વૈજ્ઞાનિકો વગેરે સહભાગી બન્યા હતા. આ શાનદાર પ્રવૃતિ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન પામી છે. આ વર્લ્ડ રેકોડમાં નિમિત્ત બનનાર સર્વે એક્ષ્પર્ટસને વર્લ્ડ રેકોર્ડના પ્રમાણપત્ર તથા ગોલ્ડમેડલ અર્પણ સમારોહ નવયુગ સાયન્સ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના એક્ષ્પર્ટસને વર્લ્ડ રેકોર્ડના પ્રમાણપત્ર તથા ગોલ્ડ મેડલથી સન્માનીત કરાયા હતા. કાર્યક્રમમાં અતિથિ તરીકે સી.એમ. વાઘાણી પ્રમુખ સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, આચાર્ય અશ્વિનભાઈ પટેલ, રાગીણીબેન દલાલ, નિરિક્ષક, ન.પ્રા.શિ. સમિતિ, સુરત. મનિષભાઈ મિસ્ત્રી તથા દિપીકાબેન દેસાઈએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરુઆતમાંપહેલગામમાં જાન ગુમાવનાર મૃતકોને શ્રધ્ધાંજલી આપી હતી. પ્રથમ સેસનમાં BIS અંગે જી.એન. કાકડીયાએ માહિતી આપી હતી. બાદમા સંજય બોસમીયાએ વિભાની પ્રાર્થના રજુ કરી હતી. પ્રિ. મનસુખ નારિયાએ વિજ્ઞાન ગુર્જરી-વિજ્ઞાન ભારતીનો પરિચય આપ્યોહતો. હેમાનોએ પ્રાંસંગિક વકતવ્યો રજુ કર્યા હતા.


કાર્યક્રમનું સુંદર સંચાલન ડિસ્ટ્રીક કોઓર્ડિનેટર રંજનાબેન પટેલે કર્યુ હતું.





# ના બટ્ટો અહમ્

**આંતકવાદનો દોર અહીં સદીઓથી રહ્યો છે. કાશ્મીરી પંડિત પ્રજાએ સૌથી વધુ આતંકવાદના રાક્ષસ થકી હેરાન થવું પડ્યું હતું.પંડિતોની સહન કરવાની પરાકાષ્ઠા પણ એટલી જ ઊંચી માત્રામાં રહી કે છેવટે હારી થાકીને પોતાનો જાન બચાવવા પંડિતોની ભાગદોડ થઈ રહી**



## ચશ્મે બદૂર કશ્મીર



ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

શારદા કશ્મીર જે જ્ઞાનની દેવી છે. અહીંના મૂળ નિવાસીઓ નાગ, યજ, યક્ષ ગણ કશ્મીર પંડિતો રહ્યાં છે. અતિ સર્વત્ર વ્રજયતે. જ્યાં પણ વિપુલતા છે વિશાળતા છે ત્યાં છેવટે સોનાની થાળીમાં લેખ સમાન સ્વર્ગની ધરતી કાશ્મીરમાં વિદેશી આક્રમણો ના ધાડાઓ, મુસ્લિમો, અફઘાનો અને અન્ય વિદેશીઓના કાળો કહેર દરેક યુગમાં રહ્યો છે. આંતકવાદનો દોર અહીં સદીઓથી રહ્યો છે. કાશ્મીરી પંડિત પ્રજાએ સૌથી વધુ આતંકવાદના રાક્ષસ થકી હેરાન થવું પડ્યું હતું.પંડિતોની સહન કરવાની પરાકાષ્ઠા પણ એટલી જ ઊંચી માત્રામાં રહી કે છેવટે હારી થાકીને પોતાનો જાન બચાવવા પંડિતોની ભાગદોડ થઈ રહી. પંડિતોની કરોડોની સંપતિ,લીલી, ભરી ભરી અખરોટ, સફરજનની સુંદર વાડીઓ, ફુલ ગુલાબી બદામ, સોના સરખા અણમોલ કેસરના ખેતરને એક ઝાટકે છોડીને કાશ્મીર પ્રદેશ છોડવો પડ્યો. જગતની સૌથી ભયાનક, ક્રૂર ઘટના કે જેમાં કાશ્મીરી પંડિતોની હિજરત, સામૂહિક હત્યા, સામુહિક નર સંહાર અને સૌથી મોટી સંખ્યાની પંડિતોની હિજરત, હેરાનગતિ, વેદનાની પરાકાષ્ઠા, હાલાકી, સ્થળાંતર, પલાયન... ઈતિહાસ એનો સાક્ષી રહ્યો છે. અફઘાની શાસનમાં શાસકો તરફથી પંડિતો ઉપર ભારે અત્યાચાર ગુજારવામાં આવેલ હતો. પઠાણ, મુસલમાનોએ કાશ્મીરમાં એવા ઘાતકી કૃત્યો કરેલાં કે આજે પણ એ ખરડાયેલા ભૂતકાળમાં ડોકીયું કરીશું તો ભયનું લખલખું પસાર થઈ જાય અને રુવાડા ઉભા થઈ જાય, તેવી ભયાનક અરાજકતામાં પંડિતો કઈ રીતે ટકી રહ્યા હશે???? સદીઓથી કાશ્મીરની ભૂમિને લલાટે કાળી ટીલી જ ચોટી જ રહી !!!!!કદાચ એ જ કશ્મીરની નિયતિ રહી . હિન્દુ સમાજમાં પંડિતો સુખ, ચેન, શાંતિથી જીવી રહ્યા હતાં. કાશ્મીરમાં ઔપચારિક મુસ્લિમોનું શાસન ઈ.સ .૧૩૩૯ માં આવ્યું . શાંત, પવિત્ર સહિષ્ણુતાની હવામાં છવાયેલ કાશ્મીરમાં મુસ્લિમ શાસકોએ ધીમે ધીમે એવો પગપેસારો કર્યો કે, છેવટે કાશ્મીરમાં સદીઓ સુધી મુસ્લિમ રાજાઓનું શાસન રહ્યું. જો કે હાલમાં સમગ્ર કાશ્મીરમાં ૯૯ું જેટલી વસ્તી ફક્ત અને ફક્ત મુસ્લિમોની જ છે. એ પણ વરવી વાસ્તવિકતા છે !!!!!

શારદા શારદા બોજ
વંદનામ વંદનામ ભજે
સર્વદા સર્વદા વંદનાગ
સન્નિધિ સન્નિધિ ક્રિયાત્ ..

વસંતની રમણીય છટાઓ જયારે કશ્મીરની ભૂમિ ઉપર બેસુમાર છવાયેલ રહી હતી ત્યારે કશ્મીરના મૂળ નિવાસીઓ પોતાના જ અસ્તિત્વને ટકાવવા, બચાવવા માટે અઢળક પ્રયાસો કરી રહ્યા હતાં. એ તે વળી કેવી મોટી યાતનાભરી મજબૂરી રહી હશે !!!!! મુસ્લિમ શાસનમાં ખૂબ જ તંગ વાતાવરણ હતું. સમગ્ર પ્રજા ભારે હાડમારી ભોગવી રહી હતી. પુરુષોની લાશોના ઢગલાબંધ ભેગા થઈ રહ્યાં હતાં અને સ્ત્રીઓની અસ્મિતા ભારે દાવ પર લાગેલી હતી. પ્રજા ત્રાહિમામ પોકારી રહી હતી.

જયારે ક્રૂર વિનાશના વાતાવરણમાં વિનાશના પડઘમ ઢોલ વાગી રહ્યાં હતાં. મુસ્લિમ શાસકોના સીધે સીધા હિન્દુઓના ધાર્મિક સ્થળો ઉપર ભારે હુમલા થઈ રહ્યા હતા. પંડિતો મૂળ શૈવિઝમ ધર્મના રચયિતા, અનુસરણ કરતાં ધાર્મિક જીવન જીવતાં.

ધર્મભીરુ કાશ્મીરી પંડિતો અને અગાઉના હિન્દુ રાજાઓએ નિર્માણ કરેલા વિશાળ, અતિ ભવ્ય મંદિરોનો વિધ્વંશ થઈ રહ્યો હતો. કાશ્મીરમાં મુખ્ય શિવાલયો અને દેવી ભગવતીના સંખ્યાબંધ મંદિરો બંધાયેલા હતા. જે અગાઉના હિન્દુ રાજાઓએ તેનું ભવ્ય નિર્માણ કરેલ હતુ .મંદિરોનો પ્રાચીન ઈતિહાસ અને એનું ઐતિહાસિક મહત્વ પણ હતું. હજી પણ ઘણા બધા પ્રાચીન મંદિરોના અવશેષો કશ્મીરમાં જોવા મળે છે. જેમાં ખંડિયર સમાન લાગતા મંદિરોની ખંડિત, પાષાણ મૂર્તિઓ, થાંભલાઓ, મૂર્તિઓ ખડકો, પથ્થરો, વેલીઓ, મિનારાઓ, ઝાડવેલની નકશીદાર તકતીઓ... એવું ઘણું બધું જોવા મળે છે. જમીન દોસ્ત થયેલા મંદિરો પણ ઠેર જોવા મળે છે. મુસ્લિમ શાસનકાળ દરમિયાન અસંખ્ય મંદિરોનો નાશ થયેલો અને ઘણાં બધાં ભાંગ્યા તૂટયા મંદિરોના અવશેષોની કરુણતા જોવા મળે છે. અનંતનાગ જિલ્લાનું માર્તંડ કે જે પ્રાચીન સૂર્યમંદિરના તૂટેલા અવશેષો પણ પોતાનો ઈતિહાસ પોકારી પોકારીને બોલે છે . હાલ તો આ વિશાળ મંદિરના અવશેષોને પુરાતત્વ વિભાગ સંભાળી રહ્યાં છે. પોતાનો અજોડ ભર્યો વારસો બતાવતાં મંદિરના વેરણછેરણ ભાગો નિ:સહાય રીતે ભૂમિ પર પડી રહ્યો છે. ભાંગેલા મંદિર પણ પોતાના સમયની અક્ષય જાહોજલાલી પ્રગટ કરે છે. કશ્મીરની સુંદર ખીણામાં , ભયંકર દહેશતના માહોલમાં મુસ્લિમોનું શાસન પોતાની જાલીમ આંતકી પંજો બતાવી રહ્યો હતો. એવો ધમકી ભર્યો ધર્મનો સુર હતો કે પ્રજાએ હવે પોતાનું અસ્તિત્વ બચાવવા પોતાના જ ધર્મનો છેડો તરત જ ફાડીને ધર્માંતરણ કરી દે .યાની કે ધર્મ પરિવર્તનની ગરમ હવા આખા કશ્મીરમાં જંગલના આગની જેમ બેકાબૂ રીતે ફેલાયેલ હતી. પંડિતો પ્રાણ બચાવવા હાંફી રહ્યાં હતાં.

માનવ ઈતિહાસનો એવો સૌથી ક્રૂર અધ્યાય રહ્યો કે ,જ્યારે કશ્મીરમાં પઠાણ શાસકોના આંતકોએ જુલમની પરાકાષ્ઠા વટાવીને તેની સરહદો પણ તોડીને ક્રૂરતાની હદ આગળ નીકળી ગયા. અફઘાન મુસ્લિમ શાસનમાં હિન્દુ પ્રજા તહસનહસ થઈ ગઈ. પરંતુ સાથે સાથે કશ્મીરની ભૂમિના સંસાધનોને પણ તબાહ કરી દીધા. પ્રજા લોહીના ઘૂંટ પી રહી હતી. એટલો કારમી ત્રાસ પઠાણો એ પંડિતો ઉપર ગુજારીયો હતો. જ્યારે પઠાણ આંતકી રાજાના શાસકો સેનાપતિ રાજ દરબારીઓ વચ્ચે લાચારીથી પોકારતા રહ્યા, ના બટ્ટો અહમ એવું બે કાનની બુટને હાથોથી પકડીને મુસ્લિમો શાસકોના આંતક સામે હારી થાકી રહ્યા હતાં. કોઈપણ સંજોગો કે પરિસ્થિતિમાં પોતાનો ધર્મ છોડીને બીજાનો વિધર્મી ધર્મ અપનાવવો એ કંઈ નાની સુની ઘટના નથી. કોઈના પણ મર્મ સ્થાને અતિ વેદના આપે એવો કપરો કાળ રહ્યો હતો .જ્યારે ક્રૂર પઠાણી સૈનિક રાજ્યમાં આંતક ફેલાવતાં, લૂંટમાર કરતાં, પગપાળા પ્રવાસ કરતાં ત્યારે પંડિતો લાચાર સુરમાં ભીખ મંત્ર બોલી ઊઠતા અને તે ભારે આજીજી રૂપે સ્વરમાં `ના હું પંડિત નથી ફરજિયાત બોલવું જ પડતું.જે કશ્મીરી પંડિતોના પરિવારને જબરજસ્તીથી મુસ્લિમ બનાવવામાં આવ્યા હતા તેમણે ડગલેને પગલે પોતાની હાજરીના સ્વરમાં સ્પષ્ટ બોલવું પડતું હતું કે, ના બટ્ટો અહમ્ એનો અર્થ એ કે. ના હું પંડિત નથી અને તો જ તેમની જાન બચી જતી હતી. કશ્મીરની છેલ્લી હિન્દુ રાણી કે જેનું નામ કોટા રાણી હતું. આ રાણી અફઘાનો સામે છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમી રહી હતી. રાણીએ ફારસી તુર્ક શાહ મીરને પોતાના જ આંતરડાની ભેટ સોગાદ રૂપે આપવી પડી હતી. અરેરાટી ભરી બીના એક સ્ત્રી રાણી સાથે ઘટિત થઈ હતી... કાશ્મીરની રાણી સાથે અફઘાની લોકોએ દગો કર્યો અને ધોકેબાજી કરીને હિન્દુ રાજાઓ પાસેથી અફઘાનોએ રાજગાદી ખૂંચવી લીધી હતી.

શાહ મીરના વંશજ સુલતાન સિકંદર શાહે કશ્મીર ઉપર ઈ.સ. ૧૩૮૯ થી ૧૪૧૩ સુધી એક હથ્થુ શાસન કર્યું હતું. તે સદીમાં સુલતાન સિકંદર શાહનું શાસન સૌથી વધુને વધુ ક્રૂર અને ભારે જોહુકમી ભર્યું રહ્યું હતું. તેમણે અસહાય પ્રજા ઉપર આતંકિત ત્રાસ ગુજારવા માટે પશુ બળનો વધુ ઉપયોગ કર્યો હતો. જેથી પ્રજા સીધેસીધી સંપૂર્ણ રીતે ઈસ્લામ અંગીકાર કરી લે અથવા મૃત્યુ મળે એવી ભારે જુલમી સત્તાની પાશવી દોરી રહી હતી. એમણે કશ્મીરમાં ભયંકર વિનાશ કર્યો અને ભવ્ય મંદિરોને લૂંટીને જમીન દોસ્ત કર્યા .તેથી મજબૂર પ્રજા આંતકના ડરથી ધ્રૂજીને મુસ્લિમ ધર્મમાં આવી જાય. સુલતાન સિકંદર સહાનીને હિન્દુ ધર્મના દેવી દેવતાઓની મૂર્તિ તોડી ,મરોડી નાંખવાનો રોગ હતો. આવા નિષ્ઠુર મૂર્તિભંજકના માનસિક રોગને લીધે તેમને સિકંદર બૂતશિકનનું ઉપનામ મળ્યું હતું. એના અસહ્ય અત્યાચારને લીધે કાશ્મીરી પંડિતોની પલાયન ,હિજરતની પ્રથમ શરૂઆત થઈ હતી. પોતાના ધર્મની આસ્થા અને જિંદગી બચાવવા કાશ્મીરી પંડિત સમુદાયે કાશ્મીર છોડવાના શ્રી ગણેશ શરૂ કર્યા હતાં .સને ૧૪૭૦ થી ૧૪૭૨ ના સુલતાન શાસનમાં હૈદર શાહનું ક્રૂર ફરમાન રહ્યું હતું કે, સમગ્ર કાશ્મીરી પંડિતોના હાથ, કાન, નાક કાપી નાખવામાં આવે.....આ તે કેવી ભયાનક ક્રૂરતા ....

ઈ.સ .૧૭૪૭ થી ૧૮૧૯ ના મુસ્લિમ શાસનમાં પણ સૌથી વધુ પીડા કશ્મીરી પંડિતોને આપવામાં આવી અને એમાં તો રાજાનું એવું ફરમાન હતું કે ,જ્યારે કોઈ પણ કાશ્મીરી પંડિત વ્યક્તિ રસ્તા ઉપર ચાલતા દેખાય કે તરત જ શાસન કરતા રાજ્યના વ્યક્તિ પંડિતની પીઠ ઉપર સવાર થઈને પંડિતના ફિરનના બંને ગજવામાં પગ નાખીને નિર્ધારિત ઉપર સુધી ઊંચકીને લઈ જવાતું. આ એક રાજકીય કાયદો હતો અને જો કોઈ કશ્મીરી પંડિત આવું મજૂરીનું કાર્ય કરવાનું ના પાડે તો એને સીધા અને સીધા જ કાપી નાખવામાં આવતા હતાં. કશ્મીરી પંડિતો હંમેશા તાજૂ ભોજન જ લેવા ટેવાયેલ અને તે સમયે અફઘાની રાજ્યએ એવું ફરમાન કર્યું કે ,ઘરમાં ફક્ત એક જ વાર ચૂલો સળગાવી શકાય. પંડિતો વાસી ભોજન ખાવાને ટેવાયેલા નહીં હતાં. પઠાણ વજીર સદા પંડિતના ઘરની બહાર સતત ચોકીપહેરો ભરી રહેતાં કે, પંડિતના ઘરમાં ક્યારે અને કેટલી વાર ચૂલો પેટાવ્યો છે? એની ખાસ નોંધ ચોપડે લેવાતી. જો એક થી વધુ વખત ચૂલો પેટાવ્યો હોય તો તરત જ પંડિતોના ઘરને લૂંટીને અસહ્ય માર મારવામાં આવતો. પંડિત મહિલાઓના અપહરણ, જાનહાની પણ થતી રહી. જે કશ્મીરી પંડિતે મુસ્લિમ શાસકના અન્યાય સામે અવાજ ઉઠાવ્યો એને તો જાહેરમાં સાર્વજનિક રીતે ફાંસીની સજા આપવામાં આવતી હતી. જેથી પંડિત સમાજ ડરથી ધ્રુજી ઉઠે અને સીધે સીધા ઈસ્લામ શાસનમાં ઈસ્લામી ધર્મ અપનાવી લે. પંડિતો દુઃખ,અવહેલના, થાક, અપમાનની પીડામાં, ના હું કશ્મીરી પંડિત નથી હું હિન્દુ નથી એ વારંવાર સલામો ભરીને ના છૂટકે પોતાના પ્રાણ પ્યારા વતનમાં જીવ બચાવવા ઝૂમી રહ્યા હતાં. (વધુ આવતા અંકે)

# શેઠ-નોકરનો સંબંધ

## માનવ-સંબંધો



સ્વામી સચ્ચિદાનંદ

સંસારમાં કદી પણ બધા પ્રકારની સમાનતા રહી નથી. શારીરિક, આર્થિક, બૌદ્ધિક અને રાજકીય અસમાનતા રહી જ છે અને રહેવાની જ છે. આ કુદરતરચિત અસમાનતા માત્ર મનુષ્યોમાં જ નહિ, પશુ-પક્ષી-જીવજંતુઓમાં પણ જોઈ શકાય છે. શરીરથી કોઈ અત્યંત બળવાન હોય છે તો કોઈ અત્યંત દુર્બળ હોય છે. ધનથી કોઈ કરોડપતિ હોય છે તો કોઈ ભિખારી હોય છે. બુદ્ધિથી કોઈ મહાન વૈજ્ઞાનિક હોય છે તો કોઈ મહામૂર્ખ હોય છે. અને આ બધા ભેદ હોય છે તો સત્તાના ક્ષેત્રમાં પણ કોઈ રાજા હોય છે તો કોઈ પ્રજા હોય છે. રાજાઓનો નાશ કરી નાખવામાં આવ્યો ત્યાં પણ કોઈ પ્રધાનમંત્રી, મંત્રી, રાષ્ટ્રપતિ હોય છે તો કોઈ પટાવાળો કે સામાન્ય મજૂર હોય છે. આ ભેદના કારણે કોઈ શેઠ હોય છે તો કોઈ નોકર હોય છે. પ્રત્યેક વ્યક્તિમાં એક નિશ્ચિત ક્ષમતાની શક્યતા હોય છે. ઘણી વાર શક્યતા હોવા છતાં પણ તકના અભાવે માણસ શેઠ નથી થઈ શકતો. આવી સ્થિતિમાં તકોનું નિર્માણ કરવું એ રાજધર્મ છે. પણ તકો હોવા છતાં પણ જે શેઠ કે સાહેબ નથી થઈ શકતો તેના માટે કોઈ ઉપાય નથી રહેતો. આનું નામ જ નસીબ છે કે જ્યાં માણસનો પુરુષાર્થ એક સીમામાં બંધાઈ જાય છે. આમ જોઈશું તો દેખાશે કે પ્રત્યેક વ્યક્તિની આગળ એક ક્ષમતાની લીટી દોરેલી હોય છે. આવી સ્થિતિમાં શેઠ અને નોકર, સાહેબ અને નોકરની પણ એક વ્યવસ્થા સર્જાય છે. પ્રત્યેક વ્યક્તિ જો શેઠ કે સાહેબ થઈ શકતી હોત તો સંસારનું આ સ્વરૂપ જ ન હોત. આવી સ્થિતિમાં શેઠ-નોકરના સંબંધો વિશે થોડી ચર્ચા કરવી હિતાવહ લાગે છે.

સંસારની વ્યવસ્થા પિરામિડના સિદ્ધાન્તે થયેલી છે. નીચેથી પહોળો અને ઉપરથી સાંકડો— અણીદાર થતો પિરામિડ ક્ષમતાની દૃષ્ટિએ પણ જેમ જેમ ઉપર વધે છે તેમ તેમ સાંકડો થતો જાય છે. સર્વોચ્ચ શિખર ઉપર બેઠેલો માણસ નીચેના પૂરા પિરામિડ ઉપર શાસન કરે છે. શાસન અને રક્ષણ બન્ને તત્ત્વો સાથે ચાલે છે. જેનામાં શાસન કરવાની ક્ષમતા હોય છે તેનામાં જ રક્ષણ કરવાની પણ ક્ષમતા હોય છે. જે શાસન નથી કરી શકતા તે રક્ષણ પણ નથી કરી શકતા. કદાચ કોઈ રક્ષણ વિનાનું શાસન કરે તો તેને રાક્ષસ કહેવાય છે. રાક્ષસો પણ પોતાના રાક્ષસોનું તો રક્ષણ કરતા જ હોય છે. રાક્ષસી વૃત્તિ, શત્રુતા વિનાની હોતી નથી એટલે શત્રુઓનો સંહાર કરવામાં તેનો મુખ્ય ઉપયોગ થાય છે.

આવી એકપક્ષીય રાક્ષસી વૃત્તિનો સંહાર કરી સર્વપક્ષીય રક્ષણવ્યવસ્થાની સ્થાપના કરવાનું નામ ધર્મની સ્થાપના કહી શકાય.

આવી સર્વપક્ષીય રક્ષણવ્યવસ્થા વિના પ્રજા સુખી થઈ શકતી નથી. જે ધર્મો એકપક્ષીય રાજવ્યવસ્થા સ્થાપવાનું શિખવાડે છે, તે સૌના માટે કલ્યાણકારી બની શકે નહિ. આવા ધર્મો કેટલાક માટે લાભકર્તા થાય છે તો કેટલાક માટે હાનિકર્તા પણ થઈ શકે છે. વિકાસની પરંપરામાં લોકોએ જોયું કે રાજસત્તાને પ્રભાવિત કરનારું સૌથી મોટું પરિબળ ધર્મ બની જાય છે, અને ધર્મ સ્વયં પક્ષપાત શિખવાડે છે એટલે એક નવો સિદ્ધાંત નિષ્પન્ન થયો ધર્મનિરપેક્ષતા. આજે વિશ્વની ઘણી રાજસત્તાઓ આ ધર્મનિરપેક્ષતાનો સ્વીકાર કરીને ચાલે છે. જે રાષ્ટ્રોમાં સાચી ધર્મનિરપેક્ષતા કામ કરતી હોય છે ત્યાં બધી પ્રજાને વિકાસની સમાન તકો મળતી હોય છે. પણ જ્યાં કોઈ ધર્મવિશેષને રાજસત્તાનું માધ્યમ બનાવાયું હોય છે, ત્યાં કેટલાકને ઘણી તકો મળે છે તો કેટલાકને ઓછી તકો મળે છે અથવા મળતી જ નથી. આ સિદ્ધાંત વંશવાદ વગેરેમાં પણ લાગુ કરી શકાય.

આટલી લાંબી ભૂમિકા કર્યા પછી હવે આપણે શેઠ-નોકરના સંબંધોનો વિચાર કરીએ. જેનામાં ઘણું આર્થિક કે બીજું સામર્થ્ય હોય છે તે શેઠ બને છે અને જેનામાં તેવું સામર્થ્ય નથી હોતું અથવા ઓછું હોય છે તે નોકર બને છે. જે શાસનની સાથે પાલન પણ કરે છે તે શેઠ બને છે અને પાલન વિનાનું શાસન કરે છે તે અત્યાચારી બને છે. જેનામાં અનેક લોકો ઉપર શાસન કરીને તેમનું પાલન કરવાની ક્ષમતા હોય છે તે શેઠ કે સાહેબ બને છે અને તેવી ક્ષમતા વિનાના લોકો ઊતરતી કક્ષાએ નોકર બને છે. શેઠ પોતાનાં કાર્યો કરાવવા શાસન કરે છે, સામે કાર્ય કરનાર લોકોને પગાર વગેરે આપીને તેમનું તથા પરિવારનું પાલન કરે છે. આ દૃષ્ટિએ સર્વોચ્ચ મહત્ત્વ શેઠ કે સાહેબનું છે. જો તેનો નાશ કરવામાં આવે તો નોકરોની પાલ્યતા સમાપ્ત થઈ જાય. આથી બેકારી વધે છે, જે પ્રજા તથા રાષ્ટ્રને દરિદ્ર અને કંગાલ બનાવે છે. કોઈ રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિનું માપ તેની રોજી આપવાની ક્ષમતા ઉપરથી કાઢી શકાય. જ્યાં ઘણી રોજીઓ હશે ત્યાં રોજી વિનાની પ્રજાઓ આપોઆપ આકર્ષાઈ આવશે. જ્યાં રોજીઓની ક્ષમતા નહિ હોય ત્યાંથી પ્રજા આપોઆપ પલાયન થઈ જતી હોય છે. અને યાદ રાખવું જોઈએ કે રોજીઓ આપનાર અને વધારનાર પરિબળ મૂડીરોકાણકાર શેઠ હોય છે. એટલે જેણે પણ પોતાનું રાષ્ટ્ર સમૃદ્ધ કરવું હોય તેણે આ શેઠ નામના પરિબળનું રક્ષણ કરવું જોઈએ.

# યુવા પેઢીનો રોલ મોડલ કેવો હોય?

## અભિવ્યક્તિ



ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

તાજેતરમાં જ યુવા પેઢીનો રોલ મોડેલ સચીન તેંડુલકર ચોવીસ વર્ષની સુદીર્થ ક્રિકેટીય કારકિર્દીમાંથી નિવૃત્ત થયો ત્યારે આજે મારે એને કેન્દ્રમાં રાખીને સચીનમાં એવી કઈ કઈ વિશેષ ખારિયાતો હતી કે કઈ ખૂબીઓ હતી કે પછી કઈ કઈ વિશેષતાઓ હતી કે જેના થકી સચીન આટલી ઊંચાઈએ પહોંચ્યો અને ભારત સરકારને પણ એને ભારતરત્ન થી નવાજવાની ફરજ પડી એ અંગે આપ સૌ રામક્ષ વાત કરવી છે. મારે એના રેકર્ડ્સ, સદીઓ, ક્રિકેટની સ્ટાઈલ અંગે બિલકુલ વાત નથી કરવી પરંતુ એના વ્યકિતત્વને સંપૂર્ણ નિખાર આપનાર એની ખૂબીઓ વિષે આપને વાકેફ કરવા છે. મિત્રો, આપમાંથી પણ કોઈએ ઊંચાઈએ પહોંચી શકે છે, અલબત્ત એને માટે જે આવશ્યક છે એવી વિશેષતાઓ તરફ ધ્યાન દોરીને આપની પર્સનાલીટીને વિક્સાવવા માટે આપ સૌને અનુરોધ કરું છું.

સૌથી પ્રથમ બાબત એ છે કે તમારા વ્યક્તિત્વના વિકાસ માટે તમારે તમારું પેશન નકકી કરવું પડશે અને એ પેશનને વળગી રહેવું પડશે. રાચીનનું પેશન ક્રિકેટ હતું અને તેથી ક્રિકેટ વિનાના જીવનની સચીન કલ્પના કરી શકતો ન હતો. રોજના ૮થી ૧૦ કલાકની ક્રિકેટની ્રેકટીસ અને ક્યારેક તો એક દિવસમાં ૧૪-૧૫ કલાકની પ્રેક્ટીસ એ એનું ક્રિકેટ પરત્વે સમર્પણ સૂચવે છે. તમને તમારા પેશનની ખબર હોવી આવશ્યક છે. તમારામાં કઈ ખૂબીઓ છે તે શોધો અને પછી તે પ્રમાણે તમારા હાથમાં જે કામ છે તેને બરાબર વળગી રહો, મંડી રહો.

સચીનની બીજી ખાસિયત હતી તેનો આત્મ વિશ્વાસ. જીવનમાં કશું જ અશક્ય નથી. આત્મ વિશ્વાસથી છલોછલ ભરેલો માણસ જ અશક્યને શક્ય બનાવી શકે છે. તમે તમારી મર્યાદા જાણીને તેને પડકારતા શીખો. તેથી જ કહેવાય છે કે પડકાર ઝીલો અને સફળતા મેળવો. નથીંગ ઈઝ ઈમ્પોસિબલ. તમારામાં yes, I can do it. You can never know, what you can become. એટલે બીજી મહત્ત્વની વાત આત્મવિશ્વાસ કેળવવાની છે.

મિત્રો, જીવનમાં સફળતા મેળવવા માટે કોઈ શોર્ટ કટ નથી. કદાચ સેટીંગ કરીને કે બીજાના ખભે પગ મૂકીને તમે કામચલાઉ સફળતા મેળવી શકો એવું બને. પરંતુ શોર્ટ કટ હંમેશા જોખમી હોય છે. કોઈ બિલ્ડીંગના ટોપ ફલોર તમે પગથિયા ચડયા વિના લિફટ દ્વારા પહોંચી શકો છો પરંતુ લાઈફની બિલ્ડીંગમાં તો તમારે એક એક પગથિયું ચડીને જ ઉપર જવું પડે છે. અર્થાત્ લાઈફની બિલ્ડીંગમાં લીફટ નથી હોતી. થોડા દિવસો પહેલાં જ દક્ષિણ ગુજરાતની એક કોલેજના બે વિદ્યાર્થીઓ ATM મશીન તોડવા જતાં પોલીસના હાથે ઝડપાઈ ગયા. મોજશોખ પૂરા કરવા અને ઝડપથી પૈસા મેળવવા શોર્ટ કટ અપનાવવા ગયા અને બેઈજ્જતી થઈ. ઘણી વખત સફળ માણસોની સફળતા આપણને દેખાય છે અને માનવ સહજ આપણે એની ઈર્ષ્યા કરીએ છીએ પરંતુ સફળતાની ટોચે પહોંચવા માટે એણે કરેલા સંઘર્ષ આપણને દેખાતા નથી. ક્રિકેટમાં પણ શ્રીસંથ પૈસા કમાવાનો શોર્ટ કટ અપનાવવા જતા એના કેવા હાલ થયા તે આપણે સૌ જાણીએ છીએ.

મહદ્અંશે આપણે સૌ ટીકાથી ખૂબ ડરીએ છીએ. આ સમાજમા લોકોએ ગાંધી, કૃષ્ણ કે રામને પણ છોડયા નથી ત્યારે આપશીથી વિસાત? સચીન માટે પણ અનેક વખત ટીકાઓ થઈ છે. જેવી કે સચીન માત્ર પૈસા માટે જરમે છે, સચીન માત્ર નવા રેકોર્ડ બનાવવા માટે જ રમે છે, સચીન કોઈ પણ દેશની નબળી ક્રિકેટની ટીમ સામે જસારું રમે છે, સચીન ઘણા વર્ષો પહેલાં રિટાયર થઈ જવું જોઈતું હતું, સચીન રવાર્થી છે વગેરે વગેરે. મિત્રો, પાનના ગલ્લા પર થતી ટીકાઓને ક્યારેય કાને ધરશો નહીં. તમારા કામ થકી જ ટીકાનો વળતો જવાબ આપવો જોઈએ. મારું ઓબ્ઝર્વેશન એમ કહે છે કે ટીકા કરનારા ભી) હતાશ થયેલા યાને સ્ટ્રેટેડ હોય છે. આવા લોકો આત્મવિશ્વાસના મભાવથી પીડાતા હોય છે. ટીકા કરવી એ આવા લોકોનો ધંધો બની ગયો હોય છે. લોકો તમારી બહુ ટીકા કરે ત્યારે તમે એમ જ માનજો કે તમે પ્રગતિ કરી રહયા છો. તમે તમારા કામ પર ધ્યાન આપો. ટીકા કરનાર એમનું કામ કરશે. એવા લોકોને ઈગ્નોર કરો. એમને બિલકુલ મહત્વ આપવું નહી.

સચીન પાસેથી એક વાત શીખવા જેવી છે તે એ છે સારા માણસ બનવાની કળા ! સચીન એની ક્રિકેટીય કારકિર્દીમાં ખરાબ અમ્પાયરીંગનો ભોગ અનેક વાર બન્યો છે. પરંતુ એ સંદર્ભે એણે ક્યારેય પિત્તો ગુમાવ્યો હોય એવું મારી જાણમાં તો નથી. કોઈ પ્લેયર સાથે કે અમ્પાયર સાથે બદતમીઝી કરી હોય અથવા મીડિયા સાથે માથાકૂટ કરી હોય એવું એટલીસ્ટ મારી જાણમાં નથી આવ્યું. મિત્રો, આપણે માણસ છીએ પરંતુ માણસ બની રહેવું મુશ્કેલ છે અને તેમાં પણ સારા માણસ બનવું ખૂબ અઘરું છે. એને માટે તમારે કિંમત ચૂકવવી પડે છે. અહીં અન્યાય થાય એની સામે ચૂપ બેસી રહેવાની હું વાત નથી કરતો. તમે બી.કોમ./ બી.એ.ની ડીગ્રી મેળવો તે પૂરતું નથી એક સારા નાગરિક બનો એપણ એટલું જ મહત્ત્વનું છે. સચીન સતત ચોવીસ વર્ષ ક્રિકેટ રમીને જેન્ટલમેન તરીકે નિવૃત્ત થયો છે. ક્યાંય પણ બિનજરૂરી વિવાદમાં એ ફસાયો ન હતો એ ખૂબ મહત્વની વાત છે.

જો તમારે તમારી લાઈફ બરાબર માણવી હોય તો તમારે શારીરિક અને માનસિક રીતે ફીટ રહેવું પડશે. આપણામાં કહેવાયું છે ને પહેલું સુખ તે જાતે નર્યા. તમારા નિર્િત ધ્યેયને પાર પાડવા માટે તમારે ચુસ્ત રહેવું જરૂરી છે. તમારામાં રહેલી એનર્જીને જાળવી રાખવા માટે ફીટ રહેવાનો અનુરોધ કરું છું. જો તમને તમારું શરીર સાથ નહી આપે તો બીજું બધું નકામું છે. તમારા આયોજન મુજબ આગળ વધતા રહેવા માટે તમારે ફીટ રહેવું પડશે. અહીં હું વાત કરું છું શારીરિક અને માનસિક એમ બંને રીતે ચુસ્ત રહેવાની. કેટલાક ફીઝીકલી તો ફીટ હોય છે પરંતુ માનસિક રીતે વિક્લાંગ હોય છે. આ સંજોગોમાં તમે તમારા લક્ષ્યને સિદ્ધ કરી શક્તા નથી.

તમારા જીવનનું ફોક્સ બરાબર રાખો. જીવનમાં નાની-મોટી અડચણોતો દરેકને આવતી હોય છે.આ મુશ્કેલીઓને પાર કરીને જ આગળ વધવાનું છે. જીવનમાં કોઈ દુઃખદ પ્રસંગે ભાંગી પડવું એ સમસ્યાનો ઉપાય નથી. કુદરતે આપણને આપેલી જિંદગી વેડફી નાખવા માટે નથી. છાપામાં આવતા યુવાન-યુવતીઓના આપઘાતના સમાચાર વાંચીને થવું દુઃખ થાય છે. મુશ્કેલીઓના સંજોગોમાં ક્યારેક ભાંગી પડો નહીં. ૧૯૯૯ના વર્લ્ડ કપ વખતે સચીનના પિતાનું અવસાન થયું હતું. આ અવસાનના સમાચાર જાણીને એ તરત મુંબઈ આવ્યો હતો અને મુંબઈથી પરત ફરીને એણે મેચમાં સેન્ચુરી કરી હતી. આ સહેલું નથી.

માણસ માત્ર ભૂલને પાત્ર પરંતુ એકવાર ભૂલ થયા પછી વારંવાર ભૂલો થતી રહે એ બરાબર નથી. તમારી ભૂલો સુધારતા રહો. જીવનમાં નિષ્ફળતાને પણ પચાવવી પડે છે, શું સચીનને નિષ્ફળતા નહોતી મળી? સચીન પણ એની કારકિર્દીમાં અનેક વખત ઝીરો રન પર આઉટ થયો હતો. ઘણી વખત ડબલ ફીગર પર પણ એ પહોંચી શક્યો નહતો. પરંતુ આવી નિષ્ફળતાથી નિરાશ થઈને એ ચૂપચાપ બેસી ગયો ન હતો. દરેક મેચ બાદ એ કઈ ભૂલથી આઉટ થયો તે નક્કી કરીને બીજીવાર એવી જ ભૂલ ન થાય તે માટે અત્યંત સાવચેતી રાખતો હતો. ટૂંકમાં, તમે જાતે જ તમારી ખામીઓ શોધો, તમારી મર્યાદાઓ જાણો અને એને દૂર કરવા પ્રયત્નશીલ રહો. તમે કોઈ પણ કામ હાથ પર લો અથવા જે કંઈ પણ કરો તેમાં પૂરેપૂરું ૧૦૦ું ઈનવોલ્વમેન્ટ આપો. અધકચરો પ્રયાસ તમને સફળતા અપાવશે નહીં. જીવનમાં પ્રયાસ કર્યા વિના સફળતાની અપેક્ષા રાખશો નહીં. તમારી મહેનત અધુરી હશે તો લક્ષ્ય સુધી પહોંચશો નહી. તમારો પરિવાર તમારા સુખદુઃખનો સાથી છે અને તેથી જ તમારા પરિવારને ક્યારેય ભૂલશો નહી. સચીનની છેલ્લી ટેસ્ટ વખતે એની ફેરવલ સ્પીચમાં એણે પરિવારના તમામ સદસ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો એ નોંધવા જેવું છે.

તમને જે સફળતા મળે છે તેમાં પરિવારના સભ્યોનો સાથસહકાર રહેલો હોય છે. સફળતા તમારી એકલાની હોતી નથી. તમારો પરિવાર એ તમારી તાકાત છે એ તાકાતને ક્યારેય નબળી પડવા દેશો નહીં.

તામારા જીવનમાં ખરાબ સમય આવે ત્યારે કુટુંબના સભ્યો જ તમારી સાથે ઉભા રહે છે. ઘણીવાર તમે નિરાશ થાવ કે નિષ્ફળ જાવ ત્યારે ઘરના સભ્યો જ એ સહન કરી લે છે અને તેથી જ પરિવારને ક્યારેય ભુલશો નહીં.

# ખરે તડકે જે ખીલી શકે, એ જ ગુલમોહરની સુંદરતા પામી શકે!



ઉનાળો આવે એટલે જયંત પાઠકનું ગરમીનું રાષ્ટ્ર ગીત યાદ આવે


રે આવ્યો કાળ ઉનાળો
અવની અખાડે, અંગ ઉઘાડે,
અવધૂત ઝાળજટાળો.
રે આવ્યો કાળ ઉનાળો

આ ધોમ ધખતા તાપમાં થોડીવાર માટે પણ બહાર નીકળવું કોઈપણ જીવ માટે આકરું બન્યું છે, ત્યારે..આ સૂરજને યુ આર સો હોટ એવું સામેથી જઈને કહેવાની અને શરમાવવાની ત્રેવડ કોઈકમાં તો હોવી જ જોઈએ ને!?

આ સૃષ્ટિમાં ફક્ત એક જ સત્ય છે, એ છે પ્રેમ. સનાતન સત્ય અને શાશ્વત છે આ પ્રેમ. દરેક જીવ પ્રેમમાં જ જીવવા માંગે છે. વળી, આપણે તો ઋતુ પ્રમાણે પ્રેમ ગીતો પણ ગાઈએ જ છીએ ને! શિયાળો હોય કે ચોમાસું. તો શું આ આકરાં ઉનાળાને કોઈ પ્રેમ ન કરતું હશે? ગ્રીષ્મનાં સાથીદાર છે આ ગરમાળો અને ગુલમોહર. જેને જોઈને સૂરજને પણ શાતા મળતી હશે, એમાં કોઈ જ બેમત નથી.

આ પૃથ્વી ઉપર આવાં તો ઘણાંએ નાનાં નાનાં છોડો કે મોટાં મોટાં વૃક્ષો હશે. પરંતુ છેક ઉપર જઈને સૂરજને ટપલી મારવી એ પણ હસતાં હસતાં અને પોતાનાં પ્રેમમાં પાગલ કરતાં આ બે વૃક્ષો ખરેખર મજાનાં છે. ઉનાળો ગમવાનું મુખ્ય કારણ જ આ ગરમાળો અને ગુલમોહર છે. એમને મન ભરીને માણવા જેવાં છે. કાળઝાળ ગરમીમાં આપણાં મન, મગજની સાથે આતમ?ને ઠંડક આપી જાય છે.

આપણે જે પીડા ભોગવીએ છીએ એ મોટેભાગે આપણે જ નિર્માણ કરેલી હોય છે. સાચાં ખોટાંનો ભેદ પારખ્યા વિના નિર્ણય લઈ લઈએ છીએ અને એનું જ ફળ ભોગવીએ છીએ. જે દિવસે આપણે નિર્ણય બદલતા શીખી જઈશું ને એ જ દિવસથી આપણું જીવન પણ બદલાઈ જશે. આપણે ભર તડકામાં કોઈને છાયડો આપવો છે કે એને તાપમાં બળવા દેવું છે એ આપણાં ઉપર જ આધાર રાખે છે. આપણું કદ જરાક પણ જો મોટું થાય તો અથવા તો હોય તો પ્રભુ કૃપા સમજીને આપણાં છાંયડામાં અનેકોને આશ્રય આપી જ શકાય. આનાથી અહમ પોષવાને બદલે આત્મસંતોષનો આનંદ મેળવી જ શકાય છે.



નોખી-અનોખી
- કિંજલ પંડ્યા, પારડી

આપણે તાડનું ઝાડ બનવું છે કે ગુલમોહરનું એ આપણાં ઉપર જ આધાર રાખે છે. જીવનમાં એટલા પણ ઊંચા ન થવું કે આશીર્વાદ માટે ઊંચો થયેલો હાથ આપણાં સુધી ન પહોંચી શકે. એ હાથના આશિષ આપણે મેળવવા હોય તો બરોબર ધરતી ઉપર પગ રાખીને હંમેશા ઝૂકેલા રહેવું.

વિશ્વમાં ઘણું બધું એવું છે, પ્રાણી પ્રકૃતિ માનવી વગેરે.. જેની પાસે કંઈક ને કંઈક શીખવા મળતું હોય છે.

હવે આ બે વૃક્ષોની વાત માંડી છે તો આ બંનેને જ જોઈ લો ને! એનાં રૂપ રંગની સાથે એમનાંમાં ગુણોનો પણ ભંડાર છે.

ભર તડકે હસતાં હસતાં પુર બહારમાં ખીલે છે. જાણે પોતે તડકો સહન કરીને ધરાને છાંયડો આપતાં હોય ને એવું લાગે! આપણે પણ આ જ કરવાનું છે જીવનમાં ગમે એવો આકરો સમય આવે એને સહર્ષ સ્વીકારી બે હાથ ફેલાવીને બાથ જ ભરવાની છે. એનું સ્વાગત જ કરવાનું છે. કોઈપણ પરિસ્થિતિનાં હંમેશાં બે પાસા હોવાનાં જ, એક સકારાત્મક અને બીજું નકારાત્મક. આપણે શું સ્વીકારવું એ આપણાં સ્વભાવ ઉપર આધાર રાખે છે. પ્રકૃતિની અસર પણ આપણને આપણી પ્રકૃતિ પ્રમાણે જ થતી હોય છે.

કપરી પરિસ્થિતિમાં મળેલ સફળતા કે નિષ્ફળતા બંને જ પરિણામો આપી જાય છે. બીજું કશું નહીં તો અનુભવ તો આપી જ જાય છે. અને એકવાર અનુભવ થયાં પછી આપણે ક્યાંય પાછળ નથી જ પડતાં.

ખરી પડવું એ પણ એક મજા જ છે. આ ગુલમોહર કે ગરમાળાનાં ફૂલો એકદમ ઉપરથી નીચે પડીને ધરાને પણ સુંદર બનાવી જાય છે.

આપણે ભલે અંદરથી તપતા હોઈએ પરંતુ બીજાંને શાતા તો આપી જ શકીએ. આપણો સૂરજ મધ્યમાં હોય છતાં આપણને નીચે ઝૂકતા, કોઈનાં ચરણોમાં નમતાં આવડતું હોય તો આપણી નમ્રતા સુંદરતા ફેલાવ્યા વિના નહીં જ રહે. આપણાં જીવનમાં સંતોષ અને બીજાંનાં જીવનમાં ખુશી પાથરી જતી હોય છે આ ક્ષણો.

આપણે જાણીએ છીએ તેમ આ ગ્રીષ્મ ઋતુનાં સાચાં સાથીદારો આ ગુલમહોર અને ગરમાળો જ છે. સૂર્ય પણ તપી તપીને બળતો હશે ત્યારે ચોક્કસ જ આ બંને વૃક્ષો એને શાતા આપતાં હશે. આમ જોવાં જઈએ તો ફક્ત બે વૃક્ષો જ છે. જે લાલ પીળા રંગનાં ફૂલોથી સુશોભિત છે. અને બીજી બાજું જોઈએ તો આખાયે જીવનનો સાર સમજાવતાં કોઈ મહર્ષિ હોય ને એવું લાગે! ગ્રીષ્મને પીગળાવે આ ગુલમોહરને ગરમાળો.

આધુનિક સમયમાં ભાગદોડ અને અશાંતિ ભર્યા જીવનમાં આપણે જો શાંતિ ઈચ્છતા હોઈએ ને તો હંમેશા બીજાંને છાંયડો આપતાં શીખીએ. તો આપણે આપોઆપ શાંતિનો અનુભવ કરીશું. એ પણ આપણામાં જ. કારણ શાંતિને ક્યાંય બીજે શોધવાં જવાની જરૂર નથી જ હોતી. શાંતિ માટે તો બીજાંને ઠારવાના હોય છે. આમ કરવાથી આપણે આપોઆપ શાંત થઈ જતાં હોઈએ છીએ.


સૌને આ ગુલમોહર અને ગરમાળાવાળી ગ્રીષ્મ ઋતુની શુભેચ્છાઓ.

# જિંદગી એક સુંદર સફર છે



જીવન એટલે અવિરત વહેતી સમયની ધારા. રાત - દિવસ ઘડી ભર પણ સમયનો કાંટો અટક્યા વિના ચાલ્યા કરે ને એની સાથે ચાલે છે આપણું જીવન. કોઈ માણસ ઈચ્છે કે ના ઈચ્છે પણ જીવન તો અહર્નિશ ચાલ્યા જ કરવાનું છે. તમે આ સફરને ધારો એમ પસાર કરી શકો છો. મંઝિલ મળે નહી ત્યાં સુધી તો ચાલ્યા કરવાનુ દરેક જીવમાત્રનું લક્ષ્ય છે. માણસ બાળક તરીકે જન્મે ને રાત દિન એની વૃદ્ધિ થયા કરે ને એને જીવનના તમામ પડાવમાંથી પસાર થવાનું હોય છે. બાળપણ પછી કિશોરાવસ્થા, એ પછી તરુણાવસ્થા, એના પછી યુવાનીના દિવસો ને પછી પ્રૌઢાવસ્થાના દિવસો ને ઘડપણ બાદ પંચભૂતમાં વિલીનીકરણ. જીવનના દરેક પડાવમાંથી દરેક માણસ પસાર થાય છે ને પોતાની અલગ છાપ છોડી જાય છે. દરેકનું જીવન અને સફર એકબીજાથી તદ્દન અલગ હોય છે. જોગાનુજોગ કદાચ કોઈ અવસ્થામાં થોડી સમાનતા મળી આવે પણ સમગ્ર જીવન ક્યારેય કોઈનું સરખું હોતું નથી.

જીવનની આ સફર કયારેક કાશ્મીરની વાદીઓ જેવી સુંદર લાગે ને ક્યારેક સહારાના રણપ્રદેશ જેવી આકરી લાગે. ક્યારેય ખળખળ વહેતી નદીઓ જેવી તો ક્યારેક હિમાલયમાં પડતા બરફ જેવી ઠંડી, ક્યારેક ખારા સમુંદર જેવી ને ક્યારેક મીઠા પાણીના ઝરણાં જેવી, ક્યારેક ઊંડી ખીણ જેવી ને ક્યારેક સપાટ મેદાનો જેવી, ક્યારેક સુગંધી ફૂલોના બાગ જેવી ને ક્યારેક પ્રદૂષિત વાતાવરણના ગૂંગળામણ જેવી, ક્યારેક સોના સરીખા ઘાટ જેવી ને ક્યારેક ફૂટી કોડી જેવી, ક્યારેક બાદશાહત જેવી ને ક્યારેક એક ફકીર જેવી સફરની રાહ સૌને માટે સાવ અલગ ને જુદી જોવા મળે છે. લોકો જાણતાં - અજાણતા આ સફરને મેરેથોન દોડ બનાવીને જીવનની સૌથી મોટી ભૂલ કરે છે.



સતરંગી શમણાં
-નીતા પી. જાદવ, રાજકોટ


પેલાએ નવું ઘર લીધું, તો મારે પણ એના કરતાં મોટું ઘર લેવું જરૂરી છે. ફલાણા ભાઈના દીકરાએ એન્જિનિયરિંગ ફિલ્ડ લીધી તો આપણા દીકરાને પણ એક સંસ્થામાં ભણાવવા મોકલવો પડશે. પેલાના દીકરાની સગાઈ કરી તે ડૉક્ટર છોકરી મળી ગઈ ને આપણે પણ એના કરતાં ચડિયાતી છોકરી શોધી લાવવી પડશે. ભગાભાઈના દીકરાને ૯૫ આવ્યા તો આપણા દીકરા દીકરી પણ ૯૫ ટકા કરતાં વધુ માર્ક લઈ આવવા જોઈએ. પેલાને સરકારી નોકરી મળી ગઈ તો આપણે પણ સરકારી દફતરે કામ કરવા જવું પડે ભાઈ! ફલાણા ભાઈના સગા કેનેડા ને અમેરિકા છે તો આપણા પણ સગા ત્યાં હોવા જોઈએ કાં તો આપણે જ વિદેશ સેટલ થવું પડે, અંબાણી ને અદાણી અરબો રૂપિયામાં મોજ કરે તો આપણે પણ મોટો બિઝનેસ શરૂ કરી લેવો પડે....વગેરે વગેરે.... નહી તો લોકો ઈજ્જત નહી કરે અને સન્માન નહીં આપે.

આવી ફાલતુ સરખામણી કરી મોટા ભાગના લોકો શાંતિથી જીવવાને બદલે અંદરથી ગુંગળાઈને જીવ્યા કરતાં હોય છે. જીવનની સફર કોઈની સાથે સરખામણી કરીને વિતાવવા નહી પણ આનંદથી જીવવા મળી છે. લોકો એ ભૂલી જાય છે કે, દુનિયામાં કોઈ ૨ વ્યક્તિની હાથની રેખાઓ પણ સમાન નથી તો સફર એકજેવી શક્ય જ નથી. તો પછી ખોટી દેખાદેખી અને હરીફાઈમાં પડીને માનસિક શાંતિના ભોગે, તંદુરસ્તીના ભોગે, સમયના ભોગે, આર્થિક સધ્ધરતાના ભોગે કંઈક ક્ષુલ્લક ચીજો મળી પણ જાય તો પણ કંઈ જંગ જીતી જવાતું નથી. માટે વાહિયાત ને બિનજરૂરી બાબતોમાં મશરૂફ રહેવાને બદલે ખુદ માટે, પરિવાર માટે, સમાજ અને દેશ માટે કંઈક હાંસલ કરવું વધુ હિતાવહ છે. એને બીજાની સાથે હરીફાઈ કરીને અથવા એકબીજાની અદેખાઈ - ઈર્ષ્યા કર્યા વિના પોતાની મંઝિલ તરફ આગળ વધવુ વધુ ફાયદાકારક સાબિત થાય છે.

આ સફરમાં તમને ઘણાં સારા અને નરસા અનુભવો પણ થયા હશે અને ભવિષ્યમાં પણ થવાના છે. ઘણાં લોકો ભૌતિક સુખોની પાછળ એટલો પાગલ થઈ જાય છે કે, સાચા સુખને ઓળખી જ નથી શકતા અને દુઃખી થયા કરતાં હોય છે. જીવનની સફરમાં હંમેશા પરિવર્તન માટે તૈયાર રહેવું જોઈએ. ધારો કે, તમારે મનાલી જવું છે અને તમે એરો પ્લેનમાં ટિકિટ કન્ફર્મ કરાવી પણ, ના મળી, તમારે ચોક્કસ દિવસે ત્યાં હાજર રહેવાનું લક્ષ્ય સિદ્ધ કરવું છે તો, તમે બસ, ટ્રેન કે કારમાં પણ નીકળી પડશો. જેમાં તમને સુવિધા ના મળે, તમે હેરાન પરેશાન થઈને પહોંચો છો ત્યારે અચાનક તમારી અંદર એક દિવ્ય અનુભવ થશે. જાણે સફરનો સઘળો થાક મંઝિલ પર પહોંચીને ગાયબ જ થઈ ગયો હોય. સફર દરમિયાન જેટલો સાથે સામાન અને બોજ ઓછો લેવામાં આવે એટલું વધુ તમે સફરમાં હળવાશ અનુભવો છો.

એવું જ જીવનના સફરમાં પણ છે કે, તમે ચિંતા, તણાવ, દુઃખ, અફસોસ, અધૂરાપણું, ઈર્ષ્યા સાથે રાખી જિંદગીની સફર કરશો તો થોડા સમયમાં જ થાકી જશો ને હિંમત હારી જશો અને મંઝિલ તો હાથ વેંત આવીને દૂર થઈ જશે. માટે આ સુંદર સફરમાં હૃદય પર જેટલા ઓછા બોજ હશે, એટલા જલ્દી મંઝિલ પર પહોંચી જવાશે અને જીવનના સફરની દરેક પળ યાદગાર અને આહ્લાદક બની જશે.

# કિશોર અવસ્થાએ બાળકને સલાહ ઓછી, સાંભળવું વધારે??



બાળકના જીવનનો એક સમયગાળો એવો આવે છે. જ્યારે તેઓમાં ધીરે ધીરે શારીરિક માનસિક અને ભાવનાત્મક વિકાસ થવા માંડે છે. તેઓ પુખ્ત વય તરફ આગળ વધે છે. એક બાળકનું દસ વર્ષથી ૧૬ વર્ષ સુધીનો સમયગાળો છે તે તરુણ અવસ્થા કહેવાય છે. આપણે બધા ટીનેજ શબ્દથી પરિચિત છીએ. જે દરમિયાન બાળકના શરીરમાં ખૂબ જબરજસ્ત ફેરફારો થતા હોય છે. છોકરો હોય કે છોકરી તરુણાવસ્થા દરમિયાન તેમના શરીરની સાથે સાથે તેમની બૌધિકતામાં પણ ફેરફાર આવે તો તેમની વિચારસરણી કંઈક અલગ જ દિશામાં ચાલતી હોય છે. એક તરફ ઊંચાઈ વધવી હોર્મોનલ પરિવર્તન, છોકરીઓમાં માસિક ચક્ર શરૂ થવું. છોકરાઓમાં અવાજ બદલાવો. જેમાં શારીરિક ફેરફાર એમની માનસિકતા પર પણ અસર કરતી હોય છે. તેઓમાં એક અલગ કુત્તોહોલ હોય છે .કાં તો ઘણીવાર તનાવ, ગેરસમજ અથવા હતાશા પણ અનુભવાતી હોય છે. આ વખતે તેનું અલગ વ્યક્તિત્વ ઊભું થતું હોય છે. અને પોતાની ઓળખ માટે તે પ્રયત્ન કરતાં હોય છે. અને આ જ એ સમય છે જયારે એમના જીવનની દિશા નિર્ધારણ બની શકે છે. ત્યારે ખરેખર માતા પિતાની ભૂમિકા ખૂબ વધી જાય છે આ સમયે તેઓ સલાહકારની વાત નહીં પણ શ્રોતા બનવું પડે છે. તેઓ શું કહેવા માંગે છે તેમના મનમાં શું ચાલી રહ્યું છે તેમનામાં થતા બદલાવને તેઓ કઈ રીતે લઈ રહ્યા છે તે પણ સમજવું ખૂબ જરૂરી છે ટીનેજર પોતાની ઓળખ અને વિચાર શક્તિ વિકસાવી રહ્યા હોય છે. અવા સમયે સતત ટોકવું, વાતે વાતે સલાહ સૂચન, કંટાળો, કે પછી હિટલરગીરી ચલાવવી તેમને વિરુદ્ધ દિશામાં ધકેલાવાનું કામ કરી શકે છે.



પ્રીતનું ઝરણું
જ્યોતિ ઉત્પલ પંડિયા, અતુલ

કારણકે આ એવો સમય છે જ્યારે તેઓની જીજ્ઞાસાનું અને સ્વતંત્ર વલણ ધરાવવું વધુ હોય છે. તે સમયે માતા પિતાએ તેમની વાત ધ્યાનથી સાંભળવી જેથી તેમનામાં વિશ્વાસ સાથે મિત્રતાનો ભાવ આવેકે એમની વાત સમજાતી છે અને જો તેઓની ભાવનાઓ અને પ્રશ્ન વ્યક્ત કર્યા બાદ તેને ઠપકો, નિંદા કે ઉપદેશ મળે તો તેઓ અંતર મુખ બની શકે છે. તેથી તરુણ અવસ્થામાં બાળકને સાંભળવા જ જોઈએ. શ્રોતા બની તેમના પથ સૂચક બનવું જરૂર છે. એમને માર્ગદર્શન એ રીતે આપવુ કે જેથી એમના આત્મસન્માનને ઠેસ પહોંછે નહીં. અને ત્યારે જ બાળકને સમજણ પડે કે ક્યારે શું બોલાય અને શું કહેવાય. ટીનેજ બાળકોનો વિશ્વાસ જીતવા તેમને શાંતિથી સાંભળવા એ જ સાચું નિષ્કર્ષ છે. તેમના મિત્ર બનવામાં જ તેમનું જીવન સુખકારી બને છે. એવા મિત્ર બનીએ કે એલોકો આપણને સમજે અને આપણે એમને સમજે. નહીં કે બસ એના પર પોતાના વિચારો થોપીએ.

# કોઈને હું ફક્ત પ્રેમ દેખાઉં છું

રસરૂપની અવગણના મયખ્વાર નથી કરતા, મરતાં લગી મદિરાનો પરિહાર નથી કરતા. એમાં જે કમાણી છે એવી છે કમાણી ક્યાં! પણ વહેશી કદી દિલનો વેપાર નથી કરતા. વશ પ્યાસ નથી રહેતી નિયમો કે નિયંત્રણથી, તેથી જ અમે તોબા, સરકાર નથી કરતા! ઝઘડે છે તો ઝઘડે છે મયખાનામાં રાત આખી, જાહેરમાં મયખ્વારો તકરાર નથી કરતા. છે ત્રાસ હકીકતમાં 'ઘાયલ 'ની બધી હરકત, હાકેમ છે સારા કે હદપાર નથી કરતા.

-અમૃત ઘાયલ

આ કૃતિ રસરૂપની અવગણના મયખ્વાર નથી કરતા અમૃત ઘાયલની અત્યંત તટસ્થ, મજબૂત અને આધુનિક વિચારધારાને વ્યક્ત કરતી ગઝલ છે, જેમાં સમાજની સ્થિતીઓ, મયખ્વારના જીવનભરના અનુભવ અને વ્યક્તિગત મુક્તિની ભાવનાને ખૂબ જ અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે.

ગઝલમાં કવિ મયખ્વારનો ઉપમારૂપમાં ઉપયોગ કરે છે—અહિ તે દારૂ પીવનાર વ્યક્તિ નહિ પરંતુ એક એવી વ્યક્તિ છે જે જીવનની કઠિનાઈઓ સામે મસ્તી અને મુક્તિથી જીવન જીવવાનો પ્રયાસ કરે છે. તે એવા માણસનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભાવનાત્મક રીતે જીવવાનો અભ્યાસ કરે છે, ભલે સમાજ તેને નકારતો હોય. ગઝલ મરદાની મુક્ત છબી રજૂ કરે છે—જે તન, મન અને આત્માને બંધનથી ઉપર રાખે છે.



સંવેદન
- ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

રસરૂપની અવગણના મયખ્વાર નથી કરતા મરતા લગી મદિરાનો પરિહાર નથી કરતા.

અહિં કવિ કહે છે કે મયખ્વાર—એવા જીવનપ્રેમી લોકો છે જે કોઈપણ રીતે જીવનના સૌંદર્યની અવગણના કરતા નથી. રસરૂપ એટલે જીવનના રંજક રૂપો—સુંદરતા, આનંદ, પ્રેમ, ભાવનાઓ. આવા લોકો મૃત્યુ સુધી પણ પોતાનું જીવન જીવવાનું બંધ નથી કરતા. મદિરા અહીં 'અનંદ' અને 'અહેસાસ'નું તિક બની જાય છે. એમના માટે જીવન ત્યાગ કે સંયમનો માર્ગ નથી, તેઓ અંત સુધી જીવનને પૂરેપૂરું અનુભવીને જીવવા માગે છે.

**એમાં જે કમાણી છે એવી છે કમાણી ક્યાં!**
**પણ વહેશી કદી દિલનો વેપાર નથી કરતા.**

અહીં મયખ્વારનું માનવીયપણે ગૌરવ ચિત્ર છે. તેઓ જ્યારે ־મ, લાગણી, એકાંત કે દુઃખમાં ચંદ પળો માણે છે, ત્યારે તેઓ એમાંથી મળતી આંતરિક શાંતિને 'કમાણી' તરીકે જુએ છે. દુનિયાવી ધંધા કરતાં એ કદાચ નફાકારક ન હોય, પણ એ માનવીય રીતે વધુ મૂલ્યવાન છે. અને મહત્વની વાત એ છે કે—even if they are 'vaheshi' (wild or untamed)—they never turn emotions into a transaction. They donÓt commercialize love or sentiments.

**વશ પ્યાસ નથી રહેતી નિયમો કે નિયંત્રણથી,**
**તેથી જ અમે તોબા, સરકાર નથી કરતા!**

આ અત્યંત બળાટ અને -તિબંધવિરોધી વિધાન છે. માણસની અંદરની પ્યાસ—ભાવનાત્મક, શારીરિક કે આત્મિક—એટલી -બળ છે કે કોઈ નિયમો કે કાયદાઓ તેને કાબૂમાં રાખી શકે તેમ નથી. તેથી જ એ લોકો સંયમની તોબા નથી કરતા. સરકાર—અહીં metaphor છે નિયમોની, ધાર્મિક અથવા સામાજિક બંધનોની. આ શેર વ્યક્તિત્વમુક્તિ અને પોતાની ઈચ્છાઓ જીવવાની તાકાત દર્શાવે છે.

**ઝઘડે છે તો ઝઘડે છે મયખાનામાં રાત આખી,**
**જાહેરમાં મયખ્વારો તકરાર નથી કરતા.**

અહીં ગુપ્તતા અને ધીરજનું દર્શન થાય છે. મયખ્વાર—જે આમ તો ઘણીવાર નશામાં હોય છે—પણ જાહેરમાં પોતાના ઝઘડા કે વિવાદો નથી લાવે. તેઓ પોતાની સમસ્યાઓને, દુઃખોને મયખાનાની અંદર પૂરતી સાથે જીવી જાય છે. સમાજની સામે શાંતિભર્યું ચહેરું રાખે છે. અહીંથી એમના નાયકસમાન સ્વભાવની ઝાંખી મળે છે.

**છે ત્રાસ હકીકતમાં 'ઘાયલ 'ની બધી હરકત,**
**હાકેમ છે સારા કે હદપાર નથી કરતા.**

આ અંતિમ શેર, કવિની વ્યક્તિગત ઓર પડઘાં પાડે છે. પોતાને ઘાયલ કહીને કવિ સ્વીકાર કરે છે કે—તેણી બધી હરકતો (શાયદ વિદ્રોહ, મદિરાપાન, મુક્ત વિચાર) દુઃખ અને દુઃખના ત્રાસમાંથી ઉગમ પામેલી છે. તેમ છતાં, તેઓ કોઈની હદ પાર કરતા નથી. તેઓ તેમના અર્થશાસ્ત્ર અને મર્યાદા જાણે છે. એટલે તેમના વિરોધનો ભાવ નષ્ટનૈતિક નથી—એમાં પણ મર્યાદા છે.

સાંસ્કૃતિક અને પ્રાસંગિક પૃષ્ઠભૂમિ

આવા મયખ્વાર પાત્રો અમૂર્ત રીતે અનેક સાહિત્યકારોએ રજૂ કર્યા છે—જેમ કે ગાલિબ, મિર્ઝા ગાલિબમાં નશાની પાંખે લાગેલી ઊંડાણભરી વ્યથા જોવા મળે છે. અહીં અમૃત ઘાયલ એક આધુનિક ભારતના કવિ છે, જે સ્વાતંત્ર્ય, વિદ્રોહ અને વ્યકિતમુક્તિના સ્વર લઈ ને વ્યક્તિત્વમુક્ત જીવનશૈલીના ચિત્ર દિખાવે છે.

આ ગઝલ જીવનપ્રેમ, આત્મમર્યાદા, લાગણીઓની ઊંડાણ અને સમાજના દ્વિધાસભર્યા ધોરણો સામે એક ગંભીર પ્રતિબિંબ છે. જીવનને પલ-પલ માણવો એ ખોટું નથી.

દરેકને પોતાની રીતે જીવવાનો અધિકાર છે. અને એ અધિકારના ઉપયોગ માટે જો કોઈને`મયખ્વાર` કહેવાય—તો એમાં શરમ નહીં, ગૌરવ હોવો જોઈએ.

રસરૂપની અવગણના મયખ્વાર નથી કરતો એક એવી ગઝલ છે કે જે અભિવ્યક્તિ, મુક્તિ અને જીવનના અસલી સ્વાદ તરફ દોરી જાય છે. એ હકારાત્મક વિદ્રોહ છે—જ્યાં વ્યક્તિ ત્રાસથી ભરેલા જીવનમાં પણ પોતાના આનંદ અને મુક્તિને વચન આપે છે. એ લોકો ખરા અર્થમાં જીવતા શીખવાડે છે—એવું જીવવું કે જ્યાં દિલનો વેપાર નહિ, પ્રેમનો વ્યાપ હોય.

શું તમે આનો સંગીત આધારિત અભિવ્યક્તિ પણ જોઈતા હો?

# સફળ પ્રયોગ

રોહિત રંગરાજન. કોઈએ કલ્પના પણ નહોતી કરી કે તદ્દન નાનકડા ગામડામાં, ગરીબ માતા-પિતાને ઘરે જન્મેલો આ છોકરો એક દિવસ આખા વિશ્વમાં પ્રસિદ્ધ થશે. પોતાના દીકરા માટે મા-બાપને તો હરખ હોય જ પણ વર્તમાનપત્રોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ સાથે રોહિતના ફોટા જોતા ત્યારે ગામવાસીઓ પણ ગૌરવ અનુભવતા. એમને થતું કે, એમના ખોબા જેવડાં ગામનો છોકરો આખી દુનિયામાં જાણીતો વિજ્ઞાની બની ગયો છે.

રોહિતની મા જાનકી ફોન પર વાત કરતાં ગળગળી થઈને કહેતી,


'તારું મોઢું જોવાનું બહુ મન થયું છે દીકરા! મોબાઈલમાં તમારા બધાના ફોટા જોઈને કંઈ સંતોષ નથી થતો. ક્યારે આવે છે બેટા ?

મા, મને પણ બહુ મન છે ત્યાં આવવાનું ને તમને મળવાનું પણ મારું કામ જ એવું છે કે, નવા નવા પ્રયોગો અને શોધખોળ ચાલ્યા જ કરતા હોય. જોઉં, બે-એક વીકનો ટાઈમ કાઢી શકું તો!

મા-દીકરા બેઉને ખબર હતી કે, એવો ટાઈમ આવવાનો જ નથી. તો યે મા તો રાહ જોયા કરતી. જો કે, પિતા રામનાથન આ બધાથી અલિપ્ત રહેતા. આમ પણ પહેલેથી ઓછાબોલા તો હતા જ, રોહિતના અમેરિકા ગયા પછી ખપ પૂરતી જ વાત કરતા. ક્યારેક ફોન હાથમાં લે તો ટૂંકમાં વાત કરીને તરત ફોન મૂકી દેતા. તો ય પત્નીની નરમ-ગરમ રહેતી તબિયત માટે દીકરાને ફોન કરવો જ પડતો.

તારી મા તને બહુ યાદ કર્યા કરે છે. એવું ન બને કે....

રોહિત વિચારમાં પડ્યો. હમણાં તો યંત્રમાનવ- રોબોટ પરનું એનું સંશોધન અંતિમ તબક્કામાં છે. એણે નિર્માણ કરેલો રોબો આર.એક્સ-૪ સંપૂર્ણપણે માણસ જેવી જ કામગીરી બજાવી શકે છે. હવે ફક્ત એટલું જ જોવાનું બાકી છે કે, એ સાચો મનુષ્ય નહીં પણ યંત્રમાનવ છે એવી ખબર સામી વ્યક્તિને પડી જાય છે કે નહીં ! રોબો ગમે ત્યાં હોય, એની ગતિવિધિ રોહિત પોતાની પ્રયોગશાળામાં બેઠાં જોઈ શકે એવી ગોઠવણ એણે કરી હતી. એકાએક એના મનમાં વિચાર ઝબક્યો - રોબોનો દેખાવ હૂબહૂ મારા જેવો બનાવી દઉં તો ! અસલ પોતાના વાળ જેવી જ વીગ બનાવડાવી એણે રોબોના માથે ફીટ કરી. પોતાની ત્વચાનું સ્કીન કલ્ચર કરાવી એવી જ ચામડીથી એને મઢી દીધો. પોતાના જેવો જ અવાજ, એવી જ બોલ-ચાલની ઢબ. બધું જાણે રોબોમાં ફીટ કરી દીધું !



વીણેલા ફૂલ
- આશા વીરેન્દ્ર - વલસાડ

નાના એવા ગામમાં બધે રોહિત આવ્યો, રોહિત આવ્યો થવા લાગ્યું. મા ખુરો થઈને જેમળે તેને કહેતી,

મારો રોહિતિયો આવ્યો છે. આટલાં વર્ષોથી અમેરિકા રહે છે પણ જરાય બદલાયો નથી હોં ! મા માંદી છે એવું સાંભળ્યું એટલે તરત દોડી આવ્યો. પૂરા ત્રણ મહિના રોકાવાનો છે !

સૌ કોઈ એના ભાગ્યનાં વખાણ કરતું, આજ-કાલનાં છોકરાઓને ક્યાં મા-બાપની પડી છે ? અમારા તો અહીંના અહીં છે તો યે વરસના વચલા દિવસે માંડ મોઢું બતાવે છે. એને બદલે તારો રોહિત અમેરિકા વસે છે ને આટલો મોટો વિજ્ઞાની છે તો યે આવ્યો ! ભારે નસીબદાર તમે તો!

પોતાની માંદગી ભૂલીને જાનકી રોહિતને ભાવતી વાનગીઓ બનાવવામાં પડી હતી. સામે બેસીને દીકરાને જમાડતી વખતે એ જીવ બાળ્યા કરતી,

કેમ, પહેલાં કરતાં ખાવાનું સાવ ઓછું કરી નાખ્યું ? તારા ભાવતા સાંભારપ્રભાત તો તું થાળી ભરીને ખાતો, ને હવે ?

જવાબમાં રોહિત ધીમું ધીમું હસતો, મા, ભાત ખાવાથી ઊંઘ આવે, કામ ન થઈ શકે. ને મારે તો કેટલું કામ કરવું પડે ?

એક દિવસ જાનકી અચાનક બેભાન થઈ ગઈ. એનું બી.પી. એકદમ વધી ગયું અને તાબડતોબ એને હૉસ્પિટલમાં દાખલ કરવી પડી. રોહિત માની પથારી પાસેથી ઘડીભર ખસતો નહોતો. મા ક્યારેક જરાક આંખ ખોલી, એની સામે જોઈ મીઠું મલકતી ને ફરી આંખો મીંચી જતી.

નીચેની દુકાનમાંથી દવા લાવવાની હતી. રામુકાકા બેઠા હતા એમને કહીને રોહિત દવા લેવા ગયો. હજી તો નીચે પહોંચ્યો ત્યાં રામુકાકાનો ફોન આવ્યો, 'જલ્દી આવ, ભાભીને બહુ શ્વાસ ચઢ્યો છે.'

અમેરિકામાં બેઠા કોમ્પ્યુટરના સ્ક્રીન પર બધું જોઈ રહેલા રોહિતનો શ્વાસ અદ્ધર થઈ ગયો. આર.એક્સ-૪ હજી દવા લઈને ઉપર કેમ ન પહોંચ્યો ? શું થયું ? માને કેમ હશે ? સિગ્નલ મળતાં નહોતાં. સંપર્ક છૂટી ગયો હતો. ભારત ગયા વિના છૂટકો નહોતો. રોહિત ઘરે પહોંચ્યો ત્યારે એણે જોયું કે, માની છબી પર હાર ચઢાવેલો હતો.

બાપુની ખુરશી પાછળ આર.એક્સ-૪ ચૂપચાપ ઊભો હતો. સૌની નજરમાં એને માટે ઉપેક્ષા હતી. એ પગે લાગવા ગયો તો પગ ખેંચી લેતાં બાપુએ રુક્ષતાથી કહ્યું, હવે શા માટે આવ્યો ? શું કામ છે તારું અહીં ?

એણે રામુકાકાને પૂછ્યું, એ સમયે શું બન્યું હતું, મને વિગતવાર જણાવો.' 'તારો હમશકલ રોબો જેને અમે સૌ રોહિત જ માનતા હતા એ ગભરાટમાં ઉતાવળથી ઉપર આવવા દાદર ચઢતો હતો ત્યારે કોઈ સાથે અથડાઈને નીચે પડ્યો. પડ્યો એવો બેભાન થઈ ગયો. સી.ટી.સ્કેન માટે લઈ ગયા ત્યારે મશીને બતાવ્યું કે, એ તું નહીં પણ તારા જેવો જ દેખાતો યંત્રમાનવ છે.

તારી માએ તો ત્યારે જ વિદાય લઈ લીધેલી. તું નકામો જ આવ્યો. ન આવ્યો હોત તો સારું હતું. મારે એક વિશ્વાસઘાતીનું મોં જોવું ન પડત.' બાપુએ આક્રોશથી કહ્યું.બાપુ, મારી વાત ધ્યાનથી સાંભળો પછી મને જે કહેવું હોય તે કહેજો. તમે લોકો મને જોવા જે રીતે વલખાં મારતાં હતાં એ જોતાં મને એવો રોબો બનાવવાનો વિચાર આવ્યો જે સંતાનોથી દૂર રહેતાં વૃદ્ધોનાં સંતાનની ગરજ સારે ને એમની એકલતા દૂર કરે. મેં એને અદ્દલ મારા જેવો એટલા માટે બનાવ્યો કે તમને લાગે કે, તમારો દીકરો તમારી પાસે જ છે. આમાં મારો વિશ્વાસઘાત કરવાનો કોઈ ઈરાદો નહોતો. બાપુએ ઊભા થઈને રોહિતને ગળે વળગાડ્યો.

**(સુનીલ વિભૂતેની મરાઠી વાર્તાને આધારે)**


'દમણગંગા ટાઈમ્સ'

દૈનિક ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે.

www.damangangatimes.com

daman_gangatimes

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 03, May 2025


## પાકિસ્તાનીઓએ મુનીરને સવાલ કરવા જોઈએ

પહેલગામ હુમલા બાદ કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકોને દેશ છોડીને જવાના જે આદેશ આપ્યા, તેનાથી એવા સમાચારો બહાર આવી રહ્યા છે જે સાંભળીને આશ્ચર્ય થાય છે. ભારતમાં મોટી સંખ્યામાં એવા લોકો રહેતા હતા, જેમની પાસે પાકિસ્તાની પાસપોર્ટ છે અને તેઓ અહીં સુવિધાઓનો પૂરત ફાયદો ઉઠાવી રહ્યા હતા. કેન્દ્રએ સ્થિતિની ગંભીરતાને જોતાં જે પગલું ભર્યું, તે બહુ જરૂરી હતું. હવે આ લોકો ભારત સરકારથી ખિજાયેલા છે. તેઓ પૂછી રહ્યા છે, 'અમારો શો વાંક હતો?' વાસ્તવમાં આ સવાલ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ગૃહમંત્રી અમિત શાહને નહીં, પરંતુ પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ આસિમ મુનીરને પૂછવો જોઈએ. શું ભારતે આ નિર્ણય વિના કારણે લીધો છે? જો કોઈ દેશ પર મોટો આતંકવાદી હુમલો થાય છે, તેના નાગરિકોની હત્યા કરવામાં આવે છે, તો શું તેની સરકાર હુમલાખોર દેશના નાગરિકોને પોતાને ત્યાં રહેવા દે? પાકિસ્તાને ક્યારેક અફઘાન શરણાર્થીઓનું ખૂબ સ્વાગત કર્યું હતું. તેઓ કરાચીથી લઈને ક્વેટા અને પેશાવર સુધી વસી ગયા હતા. સમયાંતરે ત્યાં આતંકવાદ અને ગંભીર અપરાધો જેવી સમસ્યાઓ વધવા લાગી હતી. આખરે પાકિસ્તાને તેમને હાંકી કાઢવાનું શરૂ કર્યું. ભારત તો નાગરિકતા અને વિદેશી નાગરિકોને પોતાની જમીન પર રહેવાની અનુમતિ આપવા મામલે બહુ ઉદાર છે. જો એવું ન હોત તો પાકિસ્તાનીઓ અત્યાર સુધી આટલા આરામથી અહીં રહેતા ન હોત. આ સમયે સોશ્યલ મીડિયા પર તેમના કેટલાય વીડિયો વાયરલ કરાય છે. સરકારે તેના પર નજર રાખીને ભવિષ્યમાં કેટલીક વાતોનું ધ્યાન રાખવું જોઈએ. એક મહિલા કહી રહી છે કે તેનાં ઓનલાઇન લગ્ન થયાં હતાં! કોઈ મહિલાએ પાકિસ્તાની પુરુષ સાથે લગ્ન કર્યાં, પરિવારમાં પાંચ બાળકો છે, જે વર્ષોથી અહીં જ રહે છે. કોઈએ પોતાના પતિને પાકિસ્તાનતી ભારત બોલાવી લીધા હતા. અહીં મજાથી ગુજારો થતો હતો. હવે પતિ એટલા માટે પાકિસ્તાન જવા નથી માગતો કે ત્યાંની અર્થવ્યવસ્થા ખરાબ છે.

કેટલાય લોકો ભારત સરકારથી એ વાતે નારાજ છે, કારણ કે તેઓ અહીં પોતાની સારવાર યોગ્ય રીતે ન કરાવી શક્યા. ભારતીય ડોક્ટરોએ પાકિસ્તાની નાગરિકોનાં મફત ઓપરેશન સુદ્ધાં કર્યાં છે. મફત દવાઓ, મફત પરામર્શ, મફત તપાસ... તે પણ એ સ્થિતિમાં, જ્યારે ભારતીય નાગરિકોને જરૂરી ચિકિત્સા સુવિધાઓ માંડ મળતી હોય છે. તેમ છતાં ભારતમાં કોઈને વાંધો નથી, કારણ કે આપણે માનવતાના સમર્થક છીએ. આ લોકોએ પાકિસ્તાન જઈને આસિમ મુનીરને પોતાની તકલીફ જણાવવી જોઈએ, જે હવામાં હાથ લહેરાવીને ટુ-નેશન થિયરીનાં ગુણગાન કરી રહ્યો હતો અને કહેતો હતો કે આપણે એમનાથી અલગ છીએ! જો મુનીર અને તેની મંડળીના લોકો એટલા ખાસ અને મહાન હોય તો સૌથી પહેલાં પોતાની જનતા માટે ઢંગની હોસ્પિટલ બનાવે. ખોખલી નારેબાજી કરીને ડિંગો હાંકવાથી કોઈનું ભલું નથી થતું. પાકિસ્તાનના આતંકવાદી પહેલગામ આવીને આપણા દેશવાસીઓનો ધર્મ પૂછીને તેમને ગોળીથી ઉડાવી દે છે, જ્યારે આપણે પાકિસ્તાની નાગરિકોને ચિકિત્સા સુવિધાઓ દ્વારા નવું જીવન આપીએ છીએ અને કોઈને તેનો ધર્મ નથી પૂછતા! હા, અમે પણ સરહદ પાર બેઠેલા કેટલાય લોકો કરતાં અલગ છીએ, કારણ કે તેઓ તોડવામાં વિશ્વાસ કરે છે, અમે જોડવામાં. અત્યારે જે લોકોને પાકિસ્તાન મોકલાઈ રહ્યા છે, ભવિષ્યમાં જ્યારે તેઓ વિઝા લેવા આવે તો તેમનાં સોશ્યલ મીડિયા એકાઉન્ટ ચોક્કસ ચેક કરવાં જોઈએ. હાલમાં પાકિસ્તાનમાં જ નહીં, ભારતમાં પણ સેંકડો એકાઉન્ટસ જોવા મળ્યાં જે પહેલગામ હુમલા પર ખુશી વ્યક્ત કરી રહ્યા છે. જે વ્યક્તિ આતંકી કૃત્યનું કોઈપણ પ્રકારે સમર્થન કરે છે, તેને કઠોર દંડ મળવો જોઈએ.

# PoK માં ઈમરજન્સી જેવી સ્થિતિ

## ભારત દ્વારા સંભવિત લશ્કરી કાર્યવાહીની આશંકા વચ્ચે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK)માં ગભરાટનો માહોલ : પ્રવાસીઓની એન્ટ્રી બંધ, મદરેસા ખાલી, હોટેલ-ગેસ્ટ હાઉસમાં સેના

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા. ર

ભારત દ્વારા સંભવિત લશ્કરી કાર્યવાહીની આશંકા વચ્ચે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં ગભરાટનો માહોલ છે. પીઓકેના વડાપ્રધાન ચૌધરી અનવર-ઉલ-હકે ગુરુવારે સંકેત આપ્યો હતો કે જો પરિસ્થિતિ વધુ વણસી તો પ્રદેશમાં કટોકટી લાદી શકાય છે. સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, નીલમ ખીણ અને નિયંત્રણ રેખા (LOC) નજીકના સંવેદનશીલ વિસ્તારોમાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે જ સમયે, ધાર્મિક મદરેસાઓને ૧૦ દિવસ માટે બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.

પીઓકે સરકારે દાવો કર્યો છે કે ભારતીય આક્રમણની સ્થિતિમાં ખોરાક, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે. એક અબજ રૂપિયા ઈમરજન્સી ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ઉપરાંત, હોટલ, ગેસ્ટહાઉસ અને લગ્ન હોલના માલિકોએ તેમની મિલકતો સેનાને ઓફર કરી છે. અધિકારીઓએ નીલમ ખીણ અને નિયંત્રણ રેખા નજીકના અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. ઘણા પ્રવાસીઓને માર્બલ ચેકપોસ્ટ પરથી પાછા મોકલી દેવામાં આવ્યા હતા. લીપા ખીણના રહેવાસીઓને નિયંત્રણ રેખા (LoC) નજીક જવાની મનાઈ ફરમાવવામાં આવી છે અને સુરક્ષા એજન્સીઓને સહયોગ કરવા કહેવામાં આવ્યું છે.

ગુપ્ત માહિતીના આધારે સરકારે ધાર્મિક મદરેસાઓને ૧૦ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લીધો હતો કારણ કે એવી આશંકા છે કે ભારત આ સંસ્થાઓને આતંકવાદી તાલીમ કેન્દ્રો તરીકે ઓળખાવીને નિશાન બનાવી શકે છે. કાયદા મંત્રી મિયાં અબ્દુલ વાહિદે કહ્યું, આપણે એક ચાલાક, નિર્દય અને કાવતરાખોર દુશ્મનનો સામનો કરી રહ્યા છીએ, જેના નાપાક કાર્યોને નકારી શકાય નહીં. મે મહિના દરમિયાન કરાચી અને લાહોર હવાઈ ક્ષેત્રમાં દરરોજ ૮ કલાક (સવારે ૮ થી સાંજના ૪ વાગ્યા સુધી) ફ્લાઈટ કામગીરી સ્થગિત કરવામાં આવી છે. આ સાથે ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ફ્લાઈટ્સ પણ પ્રભાવિત થઈ રહી છે. જોકે, ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં એરસ્પેસ પહેલાથી જ બંધ છે, જેના કારણે ઈસ્લામાબાદથી ગિલગિટ-સ્કર્દુ સુધીની ફ્લાઈટ્સ સતત બીજા દિવસે રદ કરવામાં આવી છે. વધુમાં, ખરાબ હવામાનને કારણે ઈસ્લામાબાદમાં પાંચ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સ મોડી પડી હતી અથવા અન્ય શહેરોમાં ડાયવર્ટ કરવામાં આવી હતી. પીઓકેના પીએમ અનવર-ઉલ-હકે વિધાનસભામાં કહ્યું કે અમે દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ. તેમણે એમ પણ કહ્યું કે ભારતીય સેના દ્વારા ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેના કારણે નુકસાન થયું છે. તે જ સમયે, એક કટોકટીની બેઠકમાં, હોટેલ એસોસિએશનોએ સેના સાથે એકતા વ્યક્ત કરી અને કહ્યું કે જો જરૂર પડશે તો તેઓ તેમના મથકો સોંપી દેશે.

## ભારતમાં રાફેલ અને મિરાજનું શક્તિપ્રદર્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)

શાહજહાંપુર, તા. ર : ભારત-પાકિસ્તાન સરહદ પર તણાવ વચ્ચે બધાની નજર ઉત્તર પ્રદેશના શાહજહાંપુર પર છે. જ્યાં ગંગા એક્સપ્રેસ વે પર બનલી એરસ્ટ્રિપ પર ઈન્ડિયન એરફોર્સના ફાઈટર વિમાનોએ લેન્ડિંગનો અભ્યાસ શરૂ કર્યો. આકાશમાં મિરાજ, રાફેલ, સુખોઈ અને જગુઆર જેવા ફાઈટર વિમાનોની ગર્જનાથી દુશ્મન દેશ ધ્રુજી ઉઠ્યા છે. હાલ એરફોર્સ ગંગા એક્સપ્રેસ વે પર પોતાનો દમ દેખાડી રહી છે. ૩.૫ કિમી લાંબી એરસ્ટ્રિપ પર ફાઈટર વિમાનો લેન્ડિંગ અને ટેકઓફની પ્રેક્ટિસ કરી રહ્યા છે. જો યુદ્ધ જેવી ઈમરજન્સી સ્થિતિ બને તો આ એક્સપ્રેસ વેની પટ્ટીને વૈકલ્પિક એરપોર્ટ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. અત્રે જણાવવાનું કે ગંગા એક્સપ્રેસ વે યુપીનો ચોથો એવો એક્સપ્રેસ વે છે જેમાં એરસ્ટ્રિપ છે. જો કે તે રાતે લેન્ડિંગની ક્ષમતાવાળો દેશો દેશનો સર્વપ્રથમ એક્સપ્રેસ વે છે. દેશમાં પહેલીવાર કોઈ હાઈવે પર દિવસની સાથે નાઈટ લેન્ડિંગ ટ્રાયલ પણ થશે. આ એક્સપ્રેસ વે ૩૬,૨૩૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે. તે ૫૯૪ કિલોમીટર લાંબો છે. જે મેરઠથી પ્રયાગરાજ સુધી બની રહ્યો છે. તાજેતરમાં સીએમ યોગીએ તેનું નિરીક્ષણ કર્યું હતું. તેનું ૮૦ ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે. એરફોર્સ ગંગા એક્સપ્રેસ વે પર રાફેલ, સુખોઈ, જગુઆર ફાઈટર વિમાનોની સાથે ઉડાણ અને લેન્ડિંગનો અભ્યાસ કરીને દુશ્મનોને કડક સંદેશો આપી રહી છે. બીજી બાજુ નેવી પણ અરબ સાગરમાં જહાજો સાથે અભ્યાસ કરી રહી છે. જ્યારે આર્મી આતંકીઓને વીણી વીણીને ખાતમો કરવામાં લાગી છે. આ દેશની પહેલી એવી એરસ્ટ્રિપ છે જ્યાં વાયુસેનાના ફાઈટર વિમાનો દિવસે અને રાતે લેન્ડિંગ કરી શકશે. અધિકારીઓના જણાવ્યાં મુજબ ફાઈટર વિમાનો અહીં પૂર્વાભ્યાસ પણ કરી શકશે. સુરક્ષાના દ્રષ્ટિકોણથી હવાઈ પટ્ટીની બંને બાજુએ લગભગ ૨૫૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે અભ્યાસને જોતા ભારતીય વાયુસેનાએ એરસ્ટ્રિપને પોતાના અધિકાર ક્ષેત્રમાં લીધુ છે. જિલ્લા પ્રશાસન પાસેથી મળતી માહિતી મુજબ આ અભ્યાસનું આયોજન દિવસ અને રાત બંને સમયે કરાશે. જેથી કરીને એરસ્ટ્રિપ પર રાતે વિમાન ઉતારવાની ક્ષમતાનું પણ પરીક્ષણ થઈ શકે. શો દરમિયાન ફાઈટર વિમાન પરીક્ષણ તરીકે એરસ્ટ્રિપ પર એક મીટરની ઊંચાઈથી ઉડાણ ભરશે અને ત્યારબાદ આ વિમાન એરસ્ટ્રિપ પર ઉતરશે અને ફરીથી ઉડાણ ભરશે. તેમના જણાવ્યાં મુજબ ત્યારબાદ સાંજે ૭ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી ફરીથી આ અભ્યાસ કરાશે અને બધા ફાઈટર વિમાનો બરેલી સ્થિત વાયુસેના સ્ટેશન પાછા આવશે.

## જાતિગત વસ્તી ગણતરી પહેલગામ હુમલાથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ: કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ર

જાતિગત વસ્તી ગણતરીના મુદ્દે ગુરુવારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વાકયુદ્ધ ચાલુ થયું હતું. કોંગ્રેસે સરકારના આ નિર્ણયને પહેલગામ હુમલાથી લોકોનું ધ્યાન બીજે ભટકાવવાની ભાજપની એક ચાલ ગણાવી હતી, જ્યારે ભાજપે જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી કેન્દ્રના સાચા ઈરાદા અને વિપક્ષના ઠાલા સૂત્રોચ્ચાર વચ્ચેના તફાવતનો પર્દાફાશ થયો છે. જાતિગત વસ્તી ગણતરીની સમયરેખા અને અમલની રૂપરેખા જાહેર કરવાની માગણી કરતાં કોંગ્રેસે જણાવ્યું હતું કે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડેડલાઈન વગરની હેડલાઈન આપવામાં માસ્ટર છે. પત્રકાર પરિષદને સંબોધતાં કોંગ્રેસના મહાસચિવ અને પ્રસારણ પ્રભારી જયરામ રમેશે જણાવ્યું હતું કે આ નિર્ણય અંગે ઘણા સવાલો ઊભા થાય છે. મોદી અને આરએસએસ પહેલા દિવસથી જ જાતિગત વસ્તી ગણતરીનો વિરોધ કરી રહ્યા છે. એટલા માટે ગઈકાલે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે અચાનકનો નિર્ણય છે. જાતિગત વસ્તીગણતરીની માગણી કરનારાઓને ગયા વર્ષે શહેરી નક્સલ ગણાવ્યા પછી વડાપ્રધાને તેમનો સૌથી મોટો યુ-ટર્ન લીધો છે. યુ-ટર્ન લેવામાં પીએમની કોઈ સરખામણી થઈ શકે તેમ નથી. દેશ સમક્ષ સૌથી મોટો મુદ્દો પહેલગામ હત્યાકાંડ છે અને જ્યારે દેશ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ પાકિસ્તાન સામે વળતી કાર્યવાહીની રાહ જોઈ રહ્યો હતો, ત્યારે સરકાર જાતિ વસ્તી ગણતરીની જાહેરાત કરીને લોકોનું ધ્યાન બીજે ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે અનામત પરની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવા અને આ સંદર્ભમાં બંધારણીય સુધારો લાવવાની માગણી કરી હતી. રમેશે ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પણ અનામતની માગણી કરી હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ૫૦ ટકા અનામતને મર્યાદાને દૂર કરીને ૬૮ ટકા અનામત લાવવાની માગણી કરી હતી. વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતા ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે કોંગ્રેસનું રાજકારણ હંમેશા તેના પરિવાર અને સત્તાની આસપાસ ફરતું રહ્યું છે. જ્યારે પણ પછાત વર્ગોના અધિકારોનો મુદ્દો ઉઠાવવામાં આવતો હતો ત્યારે તેઓ અસ્વસ્થતા અનુભવતા હતાં કારણ કે તેઓએ ક્યારેય સામાજિક ન્યાયની પરવા કરી ન હતી.

પાર્ટીએ કાકા કાલેલકર સમિતિ અને મંડલ કમિશનના અહેવાલોનો અમલ કર્યો ન હતો. આ નિર્ણય અચાનક લેવામાં આવ્યો હોવાનો ઈનકાર કરતાં તેમણે જણાવ્યું હતું કે 'સબકા સાથ, સબકા વિકાસ' મોદી સરકારનું માર્ગદર્શક વિઝન રહ્યું છે. સામાજિક ન્યાય અમારા બધા કાર્યક્રમો અને યોજનાઓનો ઉદ્દેશ્ય રહ્યો છે. સમાજના તમામ વર્ગોને લાભો, સુવિધાઓ અને સગવડ પૂરી પાડવાનો અમારો ઉદ્દેશ્ય છે.

## ચંડોળા તળાવને મિની બાંગ્લાદેશ બનાવનાર લલ્લા બિહારીની અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા. ર : અમદાવાદના ચંડોળા તળાવને મિની બાંગ્લાદેશ બનાવનાર લલ્લા બિહારીની આખરે ધરપકડ થઈ છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કુખ્યાત લલ્લા બિહારીને પકડવા માટે ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતુ. ગુજરાત પોલીસે તે પહેલા જ તેને દબોચી લીધો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે લલ્લા બિહારીની રાજસ્થાનમાંથી અટકાયત કરી છે. આ પહેલા તેના પુત્ર ફતેહની પણ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા છે. અમદાવાદ પોલીસે લલ્લાના ગોડાઉન તેમજ ઘરમાં તપાસ કરીને તેની પત્નીઓ અને પુત્રવધુની પૂછપરછ કરી હતી. પોલીસને લલ્લાના ઘર અને ગોડાઉનની તપાસ દરમિયાન લાખોની વસ્તુઓ સહિત વિવિધ બેંકની પાસબુક પણ મળી આવી છે. આ સર્ચ દરમિયાન ૯ લાખ રોકડ રકમ, સોનાના દાગીના, હિસાબી ચોપડા, બેંકની પાસબુક સહિતની વસ્તુઓ મળી આવી છે. આ સાથે જ ઈસનપુર અને દાણીલીમડામાં પણ પોલીસે તપાસ હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના DCP, અજિત રાજીયાને થોડા દિવસ પહેલા આ કેસની માહિતી આપતા જણાવ્યું હતુ કે, લલ્લાભાઈ અને ફતેહ-આ પિતા પુત્ર રાજસ્થાનના વતની છે. પહેલા આ બિહાર બાજુ પણ રહીને આવ્યો છે. ત્યાંથી પિતા અને પુત્ર શીખીને આવ્યા હતા કે, આર્થિક લાભ કઈ રીતે લઈ શકાય. અહીં આવીને ધીમે ધીમે તેમનું વર્ચસ્વ વધતું ગયું. તેમની સામે કેટલીક અરજીઓ દાખલ થયેલી છે.

લલ્લાભાઈ વિરુદ્ધ ગુના પણ દાખલ છે. ધીમે ધીમે આ લોકોની આ વિસ્તારમાં માથાભારે તરીકેના ઈસમ તરીકેની છાપ ઊભી કરી હતી. જે કોઈ લોકો તેમની પાસે આવતા હતા તેમના માટે ગેરકાયદેસર વસવાટ કરવા હેતુ ભાડાની ઉઘરાણી કરતા હતા. આ ભાડા અને પૈસાનો હિસાબ રાખતા હતા તે પુરાવા પણ અમને મળ્યા છે.

## રાહુલ અને સોનિયા ગાંધીને કોર્ટમાં હાજર રહેવા નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ર : નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત PMLA કેસમાં ઈડીની ચાર્જશીટ પર ધ્યાન આપ્યું છે. કોર્ટે ઈડીની ચાર્જશીટ સંબંધિત કેસની સુનાવણી માટે આરોપી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ જાહેર કરી છે. આ કેસમાં આગામી સુનાવણીની તારીખે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય આરોપીઓએ કોર્ટમાં હાજર રહેવું પડશે.

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને જે કેસમાં કોર્ટમાં હાજર રહેવાની નોટિસ મળી છે, તે નેશનલ હેરાલ્ડ અખબાર અને તેની મૂળ કંપની AJL એટલે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિઓ પર કેન્દ્રિત છે. આમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આરોપી બનાવવામાં આવ્યા છે. આ અગાઉ, રાઉઝ એવન્યુ કોર્ટે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ED ચાર્જશીટની સુનાવણી કરી હતી, પરંતુ દસ્તાવેજોના અભાવે નોટિસ જાહેર કરી ન હતી. ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ નેશનલ હેરાલ્ડ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની કલમ ૩ અને ૪ હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ અને રાહુલ ગાંધીને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. અન્ય આરોપીઓમાં કોંગ્રેસના નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબેનો સમાવેશ થાય છે. કોર્ટે ઈડીને વધુ દસ્તાવેજો રજૂ કરવા કહ્યું હતું. આ પછી આ નોટિસ જાહેર કરવામાં આવી હતી. ચાલો જાણીએ કે, આ આખો મામલો શું છે. નેશનલ હેરાલ્ડ એક ઐતિહાસિક અખબાર છે જેની સ્થાપના જવાહરલાલ નેહરુ દ્વારા ૧૯૩૮માં કરવામાં આવી હતી. EDનો આરોપ છે કે, સોનિયા અને રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયન લિમિટેડ (YIL) દ્વારા AJLની ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકતો માત્ર ૫૦ લાખ રૂપિયામાં મેળવી હતી.

EDનો આરોપ છે કે, આ વ્યવહાર મની લોન્ડરિંગનો એક ભાગ હતો. આમાં, છત્તન્ના ૯૯ ટકા શેર યંગ ઈન્ડિયન લિમિટેડને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. યંગ ઈન્ડિયન લિમિટેડમાં સોનિયા અને રાહુલ ગાંધીનો ૩૮-૩૮% હિસ્સો છે.

### સતત ૮મા દિવસે પાકિસ્તાનની અવળચંડાઈ

## પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના ૩ વિસ્તારોમાં કર્યું આડેધડ ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા. ર : પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (LoC) પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને સતત આઠમા દિવસે નિયંત્રણ રેખા (LoC) પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે.

૦૧ અને ૦૨ મેની રાત્રે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો. આ દરમિયાન ભારતીય જવાનોએ પાકિસ્તાનના આ નાપાક કૃત્યનો સંતુલિત અને પ્રમાણસર રીતે યોગ્ય જવાબ આપ્યો છે. અગાઉ, ૩૦ એપ્રિલ અને ૧ મેની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓ પરથી જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરાયો હતો. પાકિસ્તાનની કાર્યવાહી બાદ ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો.

## પંજાબ- હરિયાણા વચ્ચે પાણીને લઈને વધ્યો વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચંદીગઢ, તા. ર : દેશમાં જેમ જેમ તાપમાન વધી રહ્યું છે તેમ તેમ પાણીની માંગ પણ વધી રહી છે અને આવી ઋતુમાં પાણીએ બે રાજ્યોના રાજકીય તાપમાનમાં પણ વધારો કર્યો છે. ચંડીગઢથી દિલ્હી સુધી બેઠકોની શ્રેણી ચાલી રહી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ચંડીગઢમાં પંજાબ ભવન ખાતે સર્વપક્ષીય બેઠક યોજી હતી. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ દિલ્હીમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશના મુખ્ય સચિવોની એક બેઠક બોલાવી છે. ગૃહ સચિવની બેઠકમાં ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડ(BBMB)ના વડા મનોજ ત્રિપાઠી અને જળ શક્તિ મંત્રાલયના પ્રતિનિધિઓ પણ હાજર છે. હરિયાણાને વધારાનું પાણી આપવા અને ભાખરા ડેમમાંથી પાણી ન છોડવાના ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડ (BBMB)ના નિર્ણય અંગે ગૃહ મંત્રાલયની બેઠક શરુ થઈ ગઈ છે. પંજાબના મુખ્ય સચિવ રજા પર છે, જેના કારણે રાજ્યના અધિક મુખ્ય સચિવ આલોક શેખર અને જળ સંસાધન વિભાગના મુખ્ય સચિવ કૃષ્ણ કુમાર બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ બેઠકમાં હરિયાણાના મુખ્ય સચિવ અનુરાગ રસ્તોગી પણ હાજર છે.

માહિતી અનુસાર, કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ ભાખરા ડેમમાંથી હરિયાણામાં વધારાનું પાણી છોડવામાં આવતાં અવરોધો અંગેની દરેક ગતિવિધિ પર નજર રાખતા હતા. ગૃહ મંત્રાલયે નાંગલમાં ભાખરા ડેમની આસપાસ પોલીસ તહેનાત કરવાની પણ નોંધ લીધી છે.

આ પહેલા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ચંડીગઢમાં સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. હરિયાણા સાથેના પાણી વિવાદ અંગે ચંડીગઢના સેક્ટર ૩ સ્થિત પંજાબ ભવન ખાતે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં રાજ્યના તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વતી, પ્રદેશ પ્રમુખ સુનીલ જાખડ અને વરિષ્ઠ નેતા મનોરંજન કાલિયા, શિરોમણી અકાલી દળ વતી બલવિંદર સિંહ અને દલજીત ચીમા, કોંગ્રેસ વતી રાણા એપી સિંહ અને ત્રિપત રાજિન્દર સિંહ બાજવા હાજર રહ્યા હતા.

## દિલ્હીમાં મોડી રાતે વાવાઝોડું! ભારે વરસાદથી અનેક વિસ્તાર જળમગ્ન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા. ર

દિલ્હીમાં મોડી રાતે અચાનક જ હવામાને પલટી મારતાં બધે જ પાણી પાણી થઈ ગયું. લગભગ ૭૦ થી ૮૦ કિ.મી.ની ઝડપે ધૂળભરી આંધી સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું. જેના પગલે ૪૦ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ કે ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. જ્યારે અન્ય ૧૦૦ જેટલી ફ્લાઈટ મોડી પડી હતી. જ્યારે દક્ષિણ દિલ્હીના જાફરપુર કલાંમાં એક મકાન પર વાવાઝોડાને પગલે વૃક્ષ ધરાશાયી થતાં ૩ બાળકો મૃત્યુ પામી ગયા. હજુ પણ ઘણાં લોકો કાટમાળ નીચે દટાયેલાં છે. જ્યારે દિલ્હીના છાવલામાં એક ઘર છત ધરાશાયી થતાં ચાર લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. જેમને હેમખેમ બચાવી લેવાયા હતા. અત્યાર સુધીની માહિતી અનુસાર એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે યાત્રીઓ ફ્લાઈટ્સની લેન્ડિંગ કે ટેકઓફ વિશે એરલાઈન્સ પાસેથી જાણકારી મેળવ્યા બાદ જ ભવિષ્યનું પ્લાનિંગ કરે. એરપોર્ટ પહોંચતા પહેલા તેમની ફ્લાઈટ્સની સ્થિતિ વિશે જાણકારી મેળવી લે. અનેકના રુટ ડાઈવર્ટ કરાયા છે. ઉલ્લેખનીય છે કે આજે દિલ્હીમાં મોડી રાતથી અનેક વિસ્તારોમાં તોફાની વરસાદને કારણે જળભરાવની સ્થિતિ જોવા મળી રહી છે. માર્ગો પર ૨ થી ૩ ફૂટ પાણી ભરાઈ ગયા છે. અંડરપાસ પણ બંધ કરવાની ફરજ પડી છે.

## કેરળના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય પોર્ટનું મોદીએ ઉદ્ઘાટન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

થિરૂવનંતપૂરમ્, તા. ર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી મેના રોજ કેરળના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય પોર્ટનું ઉદ્ઘાટન કર્યું છે. આ કાર્યક્રમમાં મંચ પર શશી થરૂર અને કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન પણ હાજર હતા. આ મુદ્દે પણ વડાપ્રધાને વિપક્ષ પર કટાક્ષ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અહીં મુખ્યમંત્રી વિજયન પણ બેઠા છે, તે તો INDIA ગઠબંધનનો મજબૂત સ્તંભ છે. શશી થરૂર પણ બેઠા છે. આજનો આ કાર્યક્રમ અનેક લોકોની ઊંઘ ઉડાડી દેશે. જ્યાં આ મેસેજ જવાનો હતો, ત્યાં પહોંચી ગયો છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ આદિ શંકરાચાર્ય વિશે વાત કરતાં કહ્યું કે, આજે ભગવાન આદિ શંકરાચાર્યજીની જયંતિ છે. ત્રણ વર્ષ પૂર્વે સપ્ટેમ્બરમાં મને તેમની જન્મભૂમિમાં જવાનું સૌભાગ્ય મળ્યું હતું. કેરળથી નીકળી દેશના ચારે ખૂણામાં મઠની સ્થાપના કરી આદિ શંકરાચાર્યે જ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરી છે. હું તેમને નમન કરું છું. વિઝિંજમ પોર્ટ આશરે રૂ. ૮૮૦૦ કરોડના ખર્ચે તૈયાર થયં છે. તેની ટ્રાન્સશિપમેન્ટ હબ ક્ષમતા આગામી સમયમાં ત્રણ ગણી વધશે.

તેને મોટા કાર્ગો જહાજને ધ્યાનમાં લઈને બનાવવામાં આવ્યું છે. અત્યારસુધી ભારતની ૭૫ ટકા ટ્રાન્સશિપમેન્ટ ગતિવિધિઓ પોર્ટ પરથી થતી હતી. જેના પરિણામરૂપે દેશને મોટું નુકસાન થતુ હતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. પહેલાં વિદેશોમાં ખર્ચાતું ધન હવે સ્થાનિક વિકાસમાં ઉપયોગમાં લેવાશે.

જેનાથી વિઝિંજમ અને કેરળના લોકો માટે નવી આર્થિક તકોનું સર્જન થશે.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 03, May 2025

# દમણગંગા ટાઇમ્સ

VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## અતુલ પંચાયતમાં સરપંચ-તલાટીએ રૂા.૧.૩૮ કરોડનો ખેલ કરી નાંખ્યો !

### અતુલ ગ્રા.પં.માં ડે. સરપંચ અને સભ્યોની જાણ બહાર માત્ર ૪૦ દિવસમાં ૩૮૬ ચેક ફાડી રૂા.૧.૩૮ કરોડનું ચુકવણું કરી દેતાં માત્ર રૂા.૧.૮૬ લોખનું બેલેન્સ બચ્યું હોવાની ધ્યાનમાં આવતા જિલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** અતુલ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીએ ડે. સરપંચ તેમજ સભ્યોને જાણ બહાર માત્ર ૪૦ દિવસમાં ૧.૩૮ કરોડના રૂપિયાના ૩૮૬ ચેક આપી ચુકવણું કરી દેતા બેલેન્સ માત્ર ૧.૮૬ લાખ રૂપિયાનો રહી જતાં વલસાડ તાલુકા વિસ્તારમાં એક માત્ર અતુલ ગ્રામ પંચાયત સધ્ધર ગ્રામ પંચાયત તરીકે ઓળખાય છે. અતુલ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ અતુલ કંપની કેમ્પસમાં પાંચથી વધુ કંપનીઓ અને કોલોની, શાળા, બેંક, પોસ્ટ ઓફિસ, તથા રહીશોના મકાનો આવેલા હોવાથી વર્ષે સારો એવી પંચાયતમાં વેરો આવે છે. જોકે છેલ્લા કેટલાક મહિનાઓથી સરપંચ વિક્રમભાઈ પોતાના સાથી મિત્ર અને ડેપ્યુટી સરપંચ તેમજ ચૂંટાયેલા પંચાયતના સભ્યોની જાણ બહાર ગોટાળા કર્યા હોવાનું બહાર આવતા પંચાયત સભ્યો અને ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. અતુલ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દર્શન દેસાઈ તથા ૬ જેટલા સભ્યોએ આજરોજ વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડાંગીને લેખિતમાં રજૂઆત કરી કે અતુલ ગ્રામ પંચાયત એસીબીઆઈ બેંકના ખાતામાં ૨૧ ફેબ્રુઆરીએ ૧.૧૦ કરોડથી વધુ રૂપિયાનું બેલેન્સ હતું. સરપંચ અને તલાટીએ ૪૦ દિવસમાં ૩૮૬ ચેક દ્વારા અલગ-અલગ એજન્સીઓને કુલ ૧.૩૮ કરોડ રૂપિયાનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે. જોકે ૨૨ એપ્રિલના રોજ પંચાયતના બેંક ખાતામાં માત્ર ૧.૮૬ લાખ રૂપિયા બેલેન્સ રહેતા સભ્યો ચોકી ઉઠ્યા હતા. ડેપ્યુટી સરપંચ અને અન્ય સભ્યોને વિસંગતા જોવા મળી છે. ૠ નંબર વગર ની એજન્સી ને પણ ચુકવણું કરી દેતા ડી. ડી. ઓ.તપાસ કરી કાર્યવાહી કરવાની માંગણી કરી છે.





## પારડીમાં વિકાસકાર્યના ખાતમૂહૂર્તમાં હોબાળો મચ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૨ :** પારડી નગરપાલિકામાં ૧.૯૬ લાખના રસ્તા ગટર અને વિકાસના કામોનું ખાતમુરત કરાયું જેમાં અગાઉ ના પેન્ડિંગ અને વર્તમાન વહીવટદાર સમયના કામોને પ્રાધાન્ય આપતા વિરોધ પક્ષે નારાજ થઈ હોબાળો મચાવ્યો.

પારડી નગરપાલિકાની નવી ચૂંટાયેલી બોડીને પાલિકામાં શાસન સંભાળ્યા બાદ આજે નગરના વિકાસના કામોની શરૂઆત થઈ છે. જેમાં રૂપિયા ૧,૯૬ લાખના રોડ રસ્તા ગટર તેમજ અન્ય વિકાસના કામોનું ખાતમૂહૂર્ત આજે પાલિકાના પ્રમુખ ચેતનભાઈ નાયક, ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારી, બાંધકામ સમિતિના ચેરમેન પ્રણવભાઈ દેસાઈ અને ભાજપ સંગઠનના હોદ્દેદારો તથા વિરોધ પક્ષના સભ્યોની ઉપસ્થિતિમાં કરાયું હતું. આ પ્રસંગે વિરોધ પક્ષ દ્વારા નગરપાલિકાની ગતબોડીના સમયના અનેક કામો નહીં થયા હોવાની તથા હાલમાં જે કામો થયા છે તે અંગે હોબાળો મચાવ્યો હતો જો કે અંતે બીપીન પટેલ દ્વારા પણ ખાતમુરતમાં ભાગ લીધો હતો.

## ચણોદમાં સ્કોડા કારમાંથી ૪૪.૨૨ કિલો ગાંજા સાથે એક ઝડપાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વાપીના ચણોદ ખાતે આવેલ એક કોમ્પ્લેક્સના ફલેટમાં રહેતા કિશનની સ્કોડા કારમાંથી બાતમીના આધારે ૪૪.૨૨ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક ને ઝડપી પાડી એન ડી પીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પોલીસે શરૂ કરી છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વલસાડ જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી પોલીસ વિભાગના એ.યુ. રોઝને જાણ કરાઈ હતી કે રાજ્યના પોલીસ વિભાગ દ્વારા મેન્ટોર પ્રોજેક્ટ અંતર્ગત મિલકત સંબંધી તથા એનડીપીએસ એક્ટના ગુનામાં પકડાયેલા આરોપીઓ પર મેન્ટોરની નિમણૂક કરવા સૂચના આપેલ હતી જેને ધ્યાને લઈ આજે એસઓજી પોલીસ વિભાગની ટીમ વાપી પંથકમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં. તે દરમિયાન પોકો મહેન્દ્ર દાન જીલુભાને બાતમી મળી હતી કે ડુંગરા પોલીસ મથકની હદમાં આવેલ ચણોદમાં રહેતો રામ અવતાર અંતૂસાવ ગુપ્તા પોતાની સ્કોડા કાર નંબર gj 15 cf 1515 માં ગાંજા નો જથ્થો સંતાડીને લાવ્યો હોવાનું જાણ કરતા જ પોલીસે કારમાંથી બે પ્લાસ્ટિકના ડ્રમ માંથી ૪૪.૨૨ ર્ત્ર ગાંજાનો જથ્થો જેની કિંમત રૂપિયા ૪,૪૨,૨૨૦ તથા એક હીરો બાઈક સ્કોડા કાર તેમજ એક લાખ ૧૪,૯૦૦ રોકડા તેમજ પાંચ નંગ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૪૦,૫૦૦ મળી ખુલ્લે ૧૩,૪૭,૬૨૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો આરોપી રામ અવતાર અતુંસાવ ગુપ્તા ઉંમર વર્ષ ૪૫ હાલ રહે ચણોદ ગામના બાલકૃષ્ણ કોમ્પ્લેક્સ બી રીંગ ફ્લેટ નંબર ૨૦૨ મૂળ રહે બિહાર નાની અટકાયત કરી હતી જ્યારે આરોપી અગાઉ ૨૦૧૫માં પણ વાપી અને પારડી પોલીસ મથક ની હદમાં એનડી પીએસ એક્ટ હેઠળ ઝડપાઈ ચૂક્યો છે અને આ ગાંજાનો જથ્થો ઝડપાયેલા આરોપીએ ઓરિસ્સાના શંકર સવાની નામના ઈસમ પાસેથી મંગાવ્યો હતો અને તેની ડીલેવરી આપનાર ડ્રાઈવરને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

## જિલ્લામાં એક માસમાં ગુમ-અપહ્રુત ૫૮ લોકોને પોલીસે શોધ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** ફક્ત એક જ મહિનાના ટુંકા ગાળામાં ગુમ કે અપહરણ થયેલ બાળક કે બાળકીઓ કુલ ૨૩ તથા સ્ત્રી-પુરૂષ કુલ -૩૧ મળી કુલ-૫૪ તથા અન્ય જીલ્લા, રાજયના ગુમ કે અપહરણ થયેલ બાળકો-૦૪ મળી કુલ ૫૮ વ્યકિત કે બાળકોને વલસાડ જિલ્લા પોલીસ ની ટીમે શોધી કાઢ્યા છે.

વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલા ના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ગુમ કે અપહરણ થયેલા બાળકો કે બાળકી તથા વ્યકિતઓને શોધી કાઢવા અંગેની કામગીરી માટે જે તે સમયના કાગળો તથા રજિસ્ટરો ચેક કરી ફરીયાદી તથા અન્ય વ્યક્તિઓનો સંપર્ક કરી સાથે ફરીયાદી અને સાક્ષીઓના નિવેદનો તેમજ તેમના બતાવેલ સરનામે શોધખોળ ચાલુ રાખવામાં આવ્યું હતું.ઘણાં કિસ્સાઓમાં ગુમ કે અપહરણ બાળકો તથા વ્યકિતઓ (પુખ્તવયના) રાજય, જીલ્લા બહાર રહેતા હોવાનું ધ્યાને લેવામાં આવ્યું હતુ. આ તમામ કિસ્સાઓમાં જિલ્લાના અધિકારીઓને જે તે રાજય/ જીલ્લામાં જે તે જિલ્લાના સરપંચો ગામના સભ્યો, સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી તેમજ ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન ઈન્ટેલીજન્સ મારફતે તપાસ કરાવતા તમામ ગુમ કે અપહરણ થયેલ બાળકો કે વ્યકિતઓની ફરીયાદ આપનારનો સંપર્ક કરી તેના આધારે અલગ-અલગ ટીમો બનાવી અલગ-અલગ રાજયોમાં નવેસરથી ગુમ કે અપહરણ થયેલ બાળકો કે વ્યકિતઓને શોધી કાઢવા માટે સધન અભિયાન ચાલુ રાખવામાં આવેલ હતુ.આ અભિયાન દરમ્યાન એપ્રિલ - ૨૦૨૫ એમ ફક્ત એક જ માસના ટુંકા ગાળામાં ગુમકે અપહરણ થયેલ બાળક કે બાળકીઓ કુલ્લ-૨૩ તથા સ્ત્રી-પુરૂષ કુલે-૩૧ મળી કુલ-૫૪ તથા અન્ય જીલ્લા, રાજયના ગુમ કે અપહરણ થયેલ બાળકો-૦૪ મળી કુલ ૫૮ વ્યકિત કે બાળકોને શોધી કાઢવામાં માટે વલસાડ જિલ્લા પોલીસને મોટી સફળતા મળી છે.

## અટક પારડીની ઘરફોડ ચોરીના ત્રણ કેસોમાં સજા અને દંડ

### એક જ સોસાયટીમાં ઘરફોડ અને બે બાઈક ચોરીના ત્રણ કેસોમાં ૩ અને ૨- ૨ વર્ષની સજા અને રૂ.૧.૧૦ લાખનો દંડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૨ :** નવો કાયદો અમલમાં આવ્યા બાદ વલસાડ જિલ્લામાં પ્રથમ સજાની ચુકાદો આપતાં વલસાડનાં અટકપારડી ગામની ઈશાનપાર્ક સોસાયટીમાં એક જ રાત્રીએ ઘરફોડ ચોરી અને બે બાઈકની ચોરીના ત્રણ જુદા જુદા ગુનામાં પકડાયેલ આરોપીને વલસાડની કોર્ટે ઘરફોડ ચોરીમાં ૩ વર્ષ જ્યારે મો. સા. ચોરીનાં કેસોમાં ૨- ૨ વર્ષની સજા ઉપરાંત કુલ રૂ.૧,૧૦ લાખનો દંડ ફટકાર્યો છે.

વલસાડ તાલુકાના અટકપારડી ગામે આવેલ ઈશાનપાર્ક સોસાયટીમાં તા. ૦૩.૦૮.૨૦૨૪ના રોજ અર્ચના કૌશિકભાઈ પટેલ અને તેમના પતિ કૌશિકભાઈ અને દીકરો રીયાન અટક પારડી ગામે આવેલ ઈશાન પાર્કના બ્લોક નં.૪૪ના ઘરને લોક કરી ડભોઈ મુકામે આવેલ કુબેર ભંડારી મંદીરમાં દર્શન કરવા ગયા હતાં. તે દરમિયાન રાત્રિના ૦૧/૩૦ કલાક દરમ્યાન આરોપીઓ એ બંધ ઘરના દરવાજાનું તાળુ કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશ કરી બેડરુમમાં રાખેલ સોનાની બુટ્ટી- બે ગ્રામ કિંમત રૂપિયા. ૮૨૦૦ તથા સોનાની બુટ્ટી,૫ ગ્રામ કિંમત રૂપિયા. ૨૦૫૦૦ તથા બે કાંડા ઘડિયાળ જેની કુલ કિંમત રૂપિયા ૧૫૦૦૦ તથા બાળકોના પીગી બોક્ષમાંની રૂપિયા ૧૨૦૦૦ રોકડાની રકમ મળી કુલ રુ. ૫૫,૭૦૦ ની મત્તાની ચોરી કરી હતી.

તેજ રાત્રીએ આ સોસાયટીમાં રહેતા દિપકભાઈ બેચેલાલ ચૌહાણની હીરો સુપર સ્પેલન્ડર મોટર સાયકલ નં. જીજે/૧૫/ડીજે/ ૨૩૮૨ અને પ્રમોદભાઈ છીબુભાઈ પટેલની હોન્ડા સાઈન મોટર સાયકલ નં.જીજે ૧૫ / બીક્યુ /૨૭૦૬ તેઓના ઘર આંગણા માં પાર્ક કરેલી બાઈકની ત્રણ ચોરીની વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

જેમાં એક આરોપી મુકેશ ભંગડા બઘેલ, ઉ.વ.આ.૨૭ રહે.ધાવરા ફળીયુ, બાબાદેવપુરા, પીપલવા, ટાંડા, ધાર ની ધરપકડ કરી હતી. આ ત્રણેય કેસો વલસાડની એડી. ચીફ જ્યુડીશ્યલ કોર્ટમાં ચાલતાં સુનાવણી હાથ ધરાતાં એપીપી વિજયકુમાર સોલંકીએ પ્રથમ કેસમાં વ્યક્તિ પોતાનું ઘર બંધ કરી બહાર જાય ત્યારે દરેક નાગરીકને પોતાના

(અનુ. પેજ નં.૭ પર)

## અબ્રામાના બંધ બંગલામાંથી ચોટાઓએ રોકડ-કારની ચોરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨ :** અબ્રામા મણીબાગ સોસાયટીના બંધ બંગલાનું ચોટાઓએ મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી રોકડાની ચોરી કર્યા બાદ ચોટાઓએ બહાર પાર્ક કરેલી કારની ચોરી કરી જવાની ઘટના બનતા સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડના અબ્રામા વિસ્તારમાં મણીબાગ સોસાયટી-૨માંના બંગલા નંબર ૧૨૭માં દેવાનંદ લાખાભાઈ છુછળ ભાડાના બંગલામાં રહે છે. ગઈ તારીખ ૨૯ એપ્રિલ સાંજે ૬:૩૦થી ૩૦ એપ્રિલ સવારે ૧૦ વાગ્યા દરમિયાન ચોરોએ બંગલાના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યા બાદ ચોરટાઓએ કબાટમાંથી ૧૦ હજાર રૂપિયાઅને ઘડિયાળ ચોરી કરી હતી. આ ચોરોએ બહાર પાર્ક કરેલી કાર નંબર જીજે -૧૧-એ બી -૬૫૫૨ કિંમત અંદાજે ૨ લાખની કિંમતની કાર પણ ચોરી લઈ જતા વલસાડ સીટી પોલીસ મથકમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા આગળ ની તપાસ હાથ ધરી છે.



દાદરા નગર હવેલીના સાંસદ કલાબેન મોહનભાઈ ડેલકરે દાદરા જૈન દેરાસરની ૫૪મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કૌશલભાઈ શાહના માતા દ્વારા કરવામાં આવ્યું હતું. તેનું આયોજન મીનાક્ષીબેન લુનાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે સાંસદે મહાપ્રસાદનો પણ લાભ લીધો હતો.

## બોયફ્રેન્ડના અબોલાથી સોલધરાની ગર્લફ્રેન્ડે ગોળીઓ પી લીધી : સારવારથી ઉગારો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૨ :** ચીખલી તાલુકાના સોલધરા ગામની યુવતી અને વંકાલ ગામના યુવાન સાથે મિત્રતા હોય જે બે દિવસથી વાત કરવાનું ઓછું કરી દેતા યુવતી ટેન્શનમાં આવી જતાં આજરોજ વહેલી સવારે ૧૦થી ૧૫ જેટલી ગોળી પી લીધી હતી જોકે યુવતીને તાત્કાલિક સારવાર મળી જતા જીવ બચી ગયો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સોલધરા ગામના એસપી નગરમાં રહેતી મીતાબેન પટેલ ઉ.વ. ૩૯ જેને છેલ્લા ૧૪ વર્ષથી વંકાલ ગામના મધ્યા ફળિયા ખાતે રહેતો નિલેશ રમેશભાઈ પટેલ સાથે મિત્રતા હોય અને આ બંને ફોનથી એકબીજા સાથે છેલ્લા ૧૪ વર્ષથી વાતચીત કરતા હતા પરંતુ નિલેશ પટેલે છેલ્લા બે ત્રણ દિવસથી મીતા પટેલ સાથે વાત કરવાનું ઓછું કરી દેતા શુક્રવારના રોજ સવારના ૬ વાગ્યાના અરસામાં મીતા પટેલે પેરાસિટે મોલ નામની ગોળી ૧૦ થી ૧૫ જેટલી પી લીધી હતી. જોકે ગોળી પીધા ની જાણ મીતા પટેલની ભાભીને થતા તાત્કાલિક ચીખલીના થાલા ખાતે આવેલ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા મીતા પટેલનો જીવ બચી ગયો છે. બનાવ અંગે હોસ્પિટલના ડોક્ટરે ચીખલી પોલીસને જાણ કરી છે.

## કરવડમાં ભંગારના જથ્થામાં આગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વાપીના કરવડ ખાતે આવેલ દમણ ગંગા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ખુલ્લા મેદાનમાં ભેગો કરાયેલ ભંગારના જથ્થામાં આગ લાગતા તાત્કાલીક ફાયર ફાઈટર રોએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાની કોશિશ કરી પરંતુ ઘટના સ્થળે રહેતા લોકો તથા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ માં ઉદ્યોગ ધરાવતા માં ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

(અનુ. પેજ નં.૭ પર)

## દપાડાની કંપનીમાં કામદારના હાથ દાઝયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૦૨ :** દાદરા નગર હવેલીના દપાડા ગામે આવેલી ફેઝ થ્રી લિમિટેડ કંપનીમાં મંગળવારે કામ દરમિયાન એક મિકેનિક કામદાર અકસ્માતનો શિકાર બન્યો હતો. વલસાડ જિલ્લાના ભોમાપારડી ગામના નિવાસી ૩૦ વર્ષીય પ્રિન્ટેશ પટેલ અહીં મિકેનિક તરીકે ફરજ બજાવે છે.

સવારના સમયે પ્રિન્ટેશ પાવર સપ્લાય ચકાસવા માટે પાવર સ્ટેશનમાં ગયો હતો. દરમિયાનમાં તેણે એક ભાગમાં હાથ મૂકતા અચાનક અંદર આગ ફાટી નીકળી હતી. આગના કારણે તેને બન્ને હાથમાં ગંભીર રીતે દાઝયા હતા, ઉપરાંત છાતીના ભાગે પણ ઈજા પહોંચી હતી.

કંપનીના સત્તાધીશોએ તાત્કાલિક પ્રતિક્રિયા આપતાં તેને સારવાર માટે નમો હોસ્પિટલ સેલવાસ ખસેડ્યો હતો. ત્યાં પ્રાથમિક સારવાર મળ્યા બાદ વધુ ઉચ્ચ સારવાર માટે પ્રિન્ટેશને સૂરત રેફર કરવામાં આવ્યો હતો. ઘટના અંગે સેલવાસ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


જોઈએ છે

દમણગંગા ટાઇમ્સની વાપી ઓફિસમાં પાર્ટ-ટાઈમ, ફુલટાઈમ કામ કરી શકે એવા **કોમ્પ્યુટર ઓપરેટર** જોઇએ છે.

**લાયકાતઃ ગુજરાતી ટાઈપીંગ અને પેજમેકર સોફટવેરના અનુભવી/ કોલર ડ્રો, ન્યૂઝ પેપરમાં અનુભવને પ્રાથમિકતા**

**રસ ધરાવનાર યુવકો તેમજ યુવતીઓ સંપર્ક કરો**

**સંપર્ક : ૯૮૨૫૯ ૯૦૭૭૦/૯૮૨૫૧ ૨૨૫૦૫**




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**